Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

{ श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः }

श्री

# आत्मानन्द प्रकाश.

{ सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः }

सम्यक्त्वं सत् प्रदत्ते प्रकटयति गुरौ वीतरागे च भक्तिं
माधुर्यं नीतिवल्ल्या मधुरफलगतं राति संसारमार्गे ।
भव्यानारोहयत्यात्महितकर गुणस्थानपार्टीं प्रकृष्टां
आत्मानन्दप्रकाशः सुरतरुरिव यत्सर्वकामान् प्रसूते ॥१॥

पुस्तक १३. } वीर संवत् २४४२ ज्येष्ट. आत्म सं. २१. } अंक ११ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा,—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | વર્ષગાંઠ પ્રસંગે ગુરૂ સ્તુતિ.... | ૨૫૭ |
| ૨ | મહાવીર સ્તુતિ. ... ... | ૨૫૮ |
| ૩ | જૈન ઐતિહાસિક સાહિત્ય ... | ૨૫૯ |
| ૪ | જૂનાગઢમાં શ્રી આત્મારામજી મહારાજની ઉજવાયેલ જયંતી અને તે પ્રસંગે ત્યાંની બોર્ડીંગને મળેલી બાદશાહી રકમની ભેટ. | ૨૬૧ |
| ૫ | આ સભાનો એકવીશમો વાર્ષિક મહોત્સવ. ... ... ... | ૨૮૦ |
| ૬ | જુદા જુદા શહેરમાં ઉજવાયેલ જયંતી. ... ... ... | ૨૮૧ |
| ૭ | શ્રીમદ્ વિજયાનંદસૂરિ અને તેમના ચરિત્ર ઉપરથી ઉદ્ભવતો બોધ. | ૨૯૨ |
| ૮ | વર્તમાન સમાચાર, ભાવનગર એક નવી બોર્ડીંગની સ્થાપના. | ૨૯૬ |
| ૯ | એક પ્રાચીન તીર્થ.... ... | ૨૯૬ |


વાર્ષિક—મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪.

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અષાડ શુદ ૫ થી ભેટની બુક વી૦ પી૦ થી મોકલવામાં આવશે.

### અમારા માનવંતા ગ્રાહકોને ખુશખબર.

### તેરમા વર્ષની અપૂર્વ ભેટ.

# " શ્રી ચંપકમાલા ચરિત્ર "

( ગુર્જર—અનુવાદ )

**( અદ્‌ભુત મનોવેધક શીયલના મહાત્મ્યને જણાવનાર રસયુકત કથા. )**

આર્હત ધર્મના શ્રીમાન્ **ભાવવિજયજી** વાચકનો રસ–અલંકારયુક્ત આ લેખ ઉત્કૃષ્ટ પદે આવેલો છે. આલંકારિક અને રસિક ભાષામાં ઉતારેલું આ સતીચરિત્ર અતિ રસિક અને સુબોધક છે. ચરિતાનુયોગની ઉપયોગિતા જે જે વિષયો પરત્વે સિદ્ધ કરવામાં આવી છે તે આ ચરિત્રના વિષયમાં સંપૂર્ણ રીતે દર્શાવવામાં આવી છે. ધર્મનો પ્રભાવ, શીયલ–સદાચારનું મહાત્મ્ય, ભાવનાની ભવ્યતા આ ચરિત્રમાં પ્રત્યેક પ્રસંગે ઉછળે છે. એકંદર રીતે જૈનોના ધાર્મિક અને સુબોધક ચિત્ર તરીકે આ ચરિત્રનો લેખ અતિ ઉપયોગી છે, જેથી વાચકના હૃદયમાં આ ગ્રંથનું સ્વભાવિક અનુમાન થાય તેવું છે. સર્વ સ્ત્રી પુરૂષોને વાંચતાં આનંદ સાથે ધર્મયુક્ત બોધ આપે અને સદ્‌વર્ત્તનશીલ બનાવે તેવો આ ગ્રંથ છે.

આ ચરિત્રનો મૂળ ગ્રંથ (સંસ્કૃત) અમારા તરફથી પ્રસિદ્ધ થયેલો છે. તે મૂળ ગ્રંથના આશયને અવલંબી તેનો અનુવાદ પણ શ્રીમાન્ મહારાજ શ્રી **મૂળચંદજી** ગણિના પ્રશિષ્ય મુનિરાજશ્રી **મણિવિજયજી**એ શુદ્ધ અને સરલ કરેલો છે, વળી સંસ્કૃતના અભ્યાસીઓને સુગમ પડે તેટલા માટે ભાષાંતરમાં પણ શ્લોકના અંકો મૂકવામાં આવ્યા છે.

સદરહુ ગ્રંથનો બહોળો ફેલાવો થવા, તેમજ અમારા માનવંતા ગ્રાહકો પણ આવા ઉત્તમોત્તમ અપૂર્વ ગ્રંથનો અમૂલ્ય લાભ લે તેવા ઇરાદાથી આ વર્ષે ઉક્ત ગ્રંથ ભેટ આપવાનો ઠરાવ કરવામાં આવેલ છે, જે ગ્રંથ તૈયાર થયેલ હોવાથી અષાડ શુદ ૫ થી અમારા માનવંતા ગ્રાહકોને વી. પી. થી મોકલવા શરૂ કરવામાં આવશે. **દરેક વર્ષે ધારા મુજબ નિયમિત ભેટની બુક આપવાનો ક્રમ માત્ર અમારોજ છે, તે અમારા સુજ્ઞ બંધુઓના ધ્યાન બહાર હશેજ નહીં.**

અમારા માનવંતા ગ્રાહકો ભેટની બુકનો સ્વીકાર કરી વી. પી. સ્વીકારી લેશે એમજ અમોને સંપૂર્ણ ભરૂસો છે. **છતાં અત્યારસુધી ગ્રાહક રહ્યા છતાં ભેટની બુકનું વી. પી. જે ગ્રાહકોને પાછું વાળવું હોય અથવા છેવટે બીજા બહાના બતાવી વી. પી. ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી હમણાંજ અમોને લખી જણાવવું કે જેથી નાહક પોસ્ટના પૈસાનું નુકસાન સભાને ખમવું પડે નહીં, તેમજ અમોને તથા પોસ્ટ ખાતાને નકામી તસ્દીમાં ઉતરવું ન પડે. એટલી સૂચના વી. પી. નહીં સ્વીકારનાર ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.**

---

## આ સભામાં આ માસમાં નવા થયેલાં માનવંતા સભાસદો.

૧ ઝવેરી મણીલાલ સૂરજમલ રે. પાલણપુર, હાલ મુંબઇ. પે. વ. વાર્ષિક મેમ્બર.
૧ શા. મોહનલાલ પ્રાગજી રે. મહુવા. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात- पीडितेन तदपनयनाय हेयोपादेय- पदार्थ परिज्ञाने यत्नोविधेयः ॥

पुस्तक १३ ] वीर संवत् २४४२, ज्येष्ट. आत्म संवत २१. [ अंक ११ मो.

॥ ॐ ॥

श्री सद्गुरुचरणाय नमः

## श्री सद्गुरु स्तुति.

(હરિગીત અથવા સોહણી ગઝલ.)

આજે સહુ પ્રેમે નમો આનંદવિજય સૂરીશને,
ભારત વિષે સર્વજ્ઞ સમકળીકાળમાં એ ઇશને;
અજ્ઞાન [1]તિમિર ઉચ્છેદ કરતા બોધ દઇ સતશાસ્ત્રનો,
[2]ભાસ્કર સમાન બની ખરે વિકસાવતા ભવિ[3]કજ[4]ઘનો.
આજે તિથિ જ છે આપની સ્વર્ગે ગયાની સાંભરે,
ઉત્સવ કરી અમ હૃદય આનંદિત બને ત્યાં તો ખરે;
તુઝ સંપ્રદાય અમો પરત્વે પ્રેમ દ્રષ્ટિ દાખવે,
છે સેવ્ય સેવક ભાવ ત્યાં નિજ ધર્મ ધર્મી સાચવે.

સં. ૧૯૭૨ જેષ્ઠશુકલ સપ્તમી. } જિજ્ઞાસુ ઉમેદવાર.

૧ અંધકાર. ૨ સૂર્ય. ૩ કમલ. ૪ સમૂહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## श्रीमद् विनीतविजयविरचित–वीरजिन स्तवः ।

### ऐं नमः ।

श्रीसिद्धार्थकुलाम्बरदिनकर! कीर्तिपराजितसुन्दरसितकर!
हितकर कामकरीर तु जय जय, हित० ॥ १ ॥

अव्ययपदसुखसन्ततिकारण! वृजिनानोकरनाशतवारण!
वारणपतिगतिवीर तु, जय जय, वारण० ॥ २ ॥

विहितोपशम पयोनिधिमज्जन! स्मितविस्मापितसकलजगज्जन!
सज्जनजनवनकीर तु, जय जय, सज्जन० ॥ ३ ॥

हेलानिर्जितदुर्जनतमयम! शासनवासितवरवाचंयम!
संयमतरुघननीर तु, जय जय, संयम ०॥ ४ ॥

कमलपलाशसुकोमलकाय! जननमरागतदेवनिकाय!
काया–अवनसुपटीर तु, जय जय, काया० ॥ ५ ॥

श्रीत्रिशलांगजसामजभासुर !गुणगणरञ्जितसकलसुरासुर!
सुरवरभूधरवीर तु, जय जय, सुर० ॥ ६ ॥

कण्ठविनिवेसितचम्पकमाल! कविकोकिलकुलसरसरसाल!
सालभुजालशरीर तु, जय जय, साल० ॥ ७ ॥

कारितजनसुकृतार्जनहेव! गौतमादिगणधरकृतसेव!
सेवकवत्सलवीर तु जय जय, सेवक० ॥ ८ ॥

इत्थं स्तुतश्चरमतीर्थपतिः प्रकामं कामांकुशद्युतिविरञ्जितजीवलोकः ।
सूरीशितुर्विजयदेवगणाधिभर्तुः सेवा विनीतमतिकस्य नयश्रिये स्तात्
॥ ९ ॥

संग्राहक—मुनि जिनविजयजी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ऐतिहासिक–साहित्य।

## સંવિજ્ઞપક્ષિ પંડિતવર્ય શ્રીમત્પદ્મવિજયજી મહારાજનો એક તાત્ત્વિક પત્ર

ગત અંકમાં અધ્યાત્મરસિક શ્રીમદ્ દેવચંદ્રજીનો એક આધ્યાત્મિક પત્ર પ્રગટ કરવામાં આવ્યો છે, આ અંકમાં પણ એક એવો જ બીજો પત્ર વાંચકો આગળ રજુ કરાય છે. આ પત્ર સંવિજ્ઞપક્ષિય પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજનો લખેલો છે, આ સુવિહિત સાધુ આજથી ૧૧૦ વર્ષ પહેલાં અર્થાત્ વિક્રમ સંવત્ ૧૮૬૨ માં સ્વર્ગસ્થ થયા હતા, એમણે સં. ૧૮૨૦માં 'નેમિનાથ રાસ' ૧૮૪૨ માં 'સમરાદિત્ય રાસ' અને ૧૮૫૮ માં 'જયાનંદકેવળી રાસ' રચેલ છે. બીજી પણ કેટલીક ગુજરાતી કૃતિઓ–શ્રી યશોવિજયજી ઉપાધ્યાયના સ્તવનોના ટબ્બા વિગેરે એમની પ્રસિદ્ધ છે, એમના જીવન સંબંધી ઉપલબ્ધ થતી હકીકત "જૈન ઐતિહાસિક રાસમાળા" માં પ્રગટ થયેલી છે. આ પત્ર એમણે લીંબડીના સંઘના આગેવાન શ્રાવક વોરા કસલા ડોસા ઉપર અમદાવાદથી સંવત્ ૧૮૩૩ ના શ્રાવણ માસની વદી ૯ મી ને ગુરૂવારના દિવસે લખેલ છે. પત્ર દ્રવ્યાનુયોગ વિષયક છે. ચૌદમા ગુણઠાણે રહેલ જીવ દ્વિચરમ સમયમાં ૭૨ પ્રકૃતિ ક્ષય કરી ચરમ સમયમાં બાકી રહેલી ૧૩ પ્રકૃતિનો ક્ષય કરે છે અને મુક્ત થાય છે તે વિષયમાં ઉપર્યુક્ત શ્રાવકે પૂછેલા પ્રશ્નનો સવિસ્તર અને ઉપપત્તિપૂર્વક આ પત્રમાં ઉત્તર આપેલો છે. પત્રની લંબાઈ ૯॥ ઈંચ અને પહોળાઈ ૪॥ ઈંચની છે. લીપી દેવનાગરી હોઇ અક્ષરો સુંદર અને સ્પષ્ટ છે.

मुनि जिनविजय।

## पत्रनी यथार्थ नक्कल.

॥ श्री ॥

॥ ए र्द० ॥ स्वस्ति श्रीपार्श्वपरमेश्वरं प्रणम्य श्री लींबडी नगरे सुश्रावक पुण्यप्रभावक देवगुरुभक्तिकारक संघमुख्य । वो । कसला डोसा योग्यं । श्री अम्मदावादथी लि । पं । पद्मविजयनो धर्मलाभ जाणवो । बी । अत्र पुण्योदय प्रमाणें सुख छें । तुम्हारो पत्र १ आव्यो ते वांची समाचार जाण्या । तुम्हे लिख्युं जे चौदमा गुणठाणाने द्विचरम समयें ७२ क्षय करी अनें १३ प्रकृति चरम समयें क्षय करी सिद्धि वर्या, ते चरम समयेंज सिद्धि वर्या कें लगतें समयें सिद्धि वर्या ?, इम लिख्युं तेहनो उत्तर । चौदमा गुणठाणाना छेहलो समय गई

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लगतें समयें सिद्धि वर्या, जे कारणें छेहलें समयें तो १२ प्रकृति उदयमां तथा सत्तामां छें, अनें जे समयें उदय सत्तागत कर्म होय तेहज समइं सिद्धि, इंम कहेवाय ज किम ? कांय समयना बें भाग थता नथी। तथा जे कर्मनो उदय तेहज कर्मनो क्षय, एक समयें किम होय ? तथा कोई कहेस्यें जे ए तो व्यवहार व्याख्या छें, निश्चय थकी चौदमा गुणठाणानें छेहलें समयें सिद्धि ते पणि कहेंवुं न घटें। जे कारण माटे आउषा कर्मनो परिशाट कह्यो छइं. जे आयुकर्म सर्वथा जीवथी भिन्न कि वारइं थयुं, तिवारें विशेषावश्यकमां कह्युं जे निश्चयनयें " परभव पढमे साडो " इति एतलें परभवनें प्रथम समयें सर्व शात कह्यो, जिवारे छेंहलें समयें तो न कह्यो। वली श्री विशेषावश्यक मध्ये केवलज्ञान उपजावा आश्री निश्चय–व्यवहारनय फलाव्या छें, तेहमां इंम ठराव्युं जे, निश्चय थकी केवलज्ञान तेरमा गुणठाणानें प्रथम समयें उपनुं, अने व्यवहार नयें तेरमानें बीजें समयें उपनुं, जे माटें व्यवहार नय ते उपना पछी उपनुं कहें छें; क्रियाकाल–निष्ठाकाल भिन्न समयें मानें छें. अनें निश्चयनय उपजतां वेला उपनुं कहें छें जे माटें निश्चयनय क्रियाकाल–निष्ठाकाल एक मानें छें। इति। ए रीतें विशेषावश्यकमां चर्चा करी छें, पणि बारमा गुणठाणानें चरम समयें केवलज्ञान एहवुं तो कहिइं लिख्युं नथी। जो ते बारमानें छेहलें समयें केवलज्ञान उपनुं लिख्युं होत तो चौदमानें छेहलें समयें सिद्धि इंम कहेंवात ते तो नथी। ते माटें लगतें समयें सिद्धि इति। वली सूगडांग सूत्रमां केवली भगवाननें इरियावही संबंधी शाता वेदनीनो बंध कह्यो छे तिहां एहवो पाठ छें। " जे पढमें बंधइ, बीए वेएइ, तइए निज्जरेइ। " प्रथम समयें बांधे, बीजे समये वेदें, त्रीजें समयें निजरें एहमां पणि वेदवानें समयें निर्जरा नथी कही तिवारें इंम ठर्युं जे वेदवानें लगतें समइं निर्जरा, ए रीतें चौदमानें छेहले समयें १२ प्रकृतिनुं वेदवुं अनें तेहनें लगतें समयें निर्जरा, अनें निर्जरा तथा सिद्धिनो समय ते एक, जे समयें निर्जरा तेह समयें सिद्धि ए रिति छें। वली कोइ कहेस्यें जे एक समयमां उत्पाद–व्यय किम थाय ? तेहनें कहिइं, जे सिद्धिनें समयें सकर्मा पर्यायनो व्यय सिद्ध पर्यायनो उत्पाद ए पणि प्रगट छे; कांय एक समयमां जे पर्यायनो व्यय ते पर्यायनी उत्पत्ति इंम तो होयज नहीं। वली श्री भगवतीसूत्रनें धुरें " चलमाणे चालिए " इत्यादिक ९ प्रश्नमां पणि " उदीरिज्ज माणे उदी-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



रिए, वेदिज्जमाणे वेइए, निज्जरिज्जमाणे निज्जिन्ने।" एहमां पणि इंम कह्युं, उदीरवा समयें उदेर्युं कहिइं, वेदवा समयें वेद्युं कहीइं तथा निज्जरवा समइं निज्जर्युं कहिइं। ते माटें वेदवानो तथा निज्जरवानो समय जूदो छइं। जो जूदो न होय तो वेदना तथा निज्जरां ए बें प्रश्न जूदां किम होय ?। इति। बीजा कर्मग्रन्थनी टीका मध्ये बीजी गाथानी टीकामां चौदमा गुणठाणानो अर्थ कर्यो तिहां इम लिख्युं छें जे "शैलेशी करण चरम समयानंन्तर मुच्छिन्न चतुर्विध कर्मबन्धनत्वात्।" इंहां पणि शैलेशीना चरम समयनें अनंतर कहेंतां लगतें समइं चार कर्मबंधन उच्छिन्न थयां इत्यादिक। कागलमां केतली वात लिखाय पणि सर्वेनो रहस्य ए जे चौदमागुणठाणाने छेहलें समइं प्रकृति १२ तथा १३ छती छें अनें तदनंतर समइं एहनो क्षय अनें एहज समयें सिद्धि इति तत्त्वं।

ए वात गुरुजी पासें पणि चर्चा सहित घणी वार सांभली छे ते जाणवुं डोसा भारसी तथा सहेंसमल तथा झवेरीनें धर्मलाभ कहेवो वो देवदर्शने संभारवा अत्र संभारीइं ते अनुमोदवुं वलता पत्र पोहतानो समाचार देवो। चोमासु उतरें सिद्धाचलजी नीसर्या तो ए मार्गें जणास्यें पछी तो जिम निमित्त हस्यें ते बनस्यें। मिति श्रावण वदि ९ गुरौ। तथा वली छठा कर्मग्रंथनी टीका ने छेहडें पणि एहवो पाठ छें जे "ततोऽनन्तर समये" इति। ए कागल कोइ ठाउका पासे वंचावज्यो सं. १८३३ वर्षे०।

॥ संघ मुख्य। वो। कसला डोसा योग्यं। लींबडी नगरे॥

## ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરની જૂનાગઢમાં ઉજવાયેલી જયંતી.

### તે પ્રસંગે વીસાશ્રીમાળી જ્ઞાતિની બોર્ડીંગને મળેલી એક બાદશાહી રકમની ભેટ.

### મરહૂમ જૈનાચાર્ય શ્રી ૧૦૮ શ્રીમદ્ વિજયાનંદસૂરિ (આત્મારામજી) મહારાજનો એકવીસમો નિર્વાણ મહોત્સવ.

### "મુનિમહારાજ શ્રી વલ્લભવિજયજીનું જુનાગઢમાં આગમન."

એ તો નિર્વિવાદ વાત છે કે જ્યારે પણ જીવનું ભલું થવાનું હોય ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમે તે રીતે તેને કોઇને કોઇ સારો સમાગમ આવી મળે છે. જુનાગઢના શ્રાવક સમુદાય-તેમજ અન્ય જૈનેતરને કોઈપણ પ્રકારનો લાભ લેવા સરજેલ કે આ વર્ષે શુભ જોગ મળી આવ્યો છે. જે વાત સ્વપ્નમાં પણ બનવી મુશ્કલ તે અનુભવમાં આવી મળે એથી વધારે શુભકર્મ-પુણ્યનો ઉદય બીજો કયો સમજવો ? કેળવણીના સાચા હિમાયતી-સમાજની ઉચ્ચ સ્થિતિના અભિલાષી-નિરંતર તેવાજ પ્રયાસમાં મગ્ન એવા નામથી અને કામથી વલ્લભ-મરહૂમ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજના વડીલ શિષ્ય-મુનિમહારાજ શ્રી **લક્ષ્મીવિજયજી** તેઓના સુશિષ્ય-મુનિમહારાજ શ્રી **હર્ષવિજયજી**ના સુપ્રસિદ્ધ શિષ્ય-વિદ્વદ્રત્ન-પ્રસિદ્ધ વક્તા-મુનિરાજ શ્રી **વલ્લભવિજયજી-મુંબઇ**માં બે ચોમાસાં કરી શ્રી **મહાવીર જૈન વિદ્યાલય**નેપ્રગતિમાં લાવી **સુરત**માં ચોમાસું કરી **જૈન વનિતાવિશ્રામ**ની શરૂઆત કરાવી ચોમાસા બાદ સુરતથી વિહાર કરી અનુક્રમે ગામો ગામ પોતાની અમૃતમય વાણીનો લાભ આપતા વિચરતા વિચરતા શ્રી સિદ્ધક્ષેત્રની યાત્રા કરી ઘણા સમયની બાળબ્રહ્મચારી પ્રભુશ્રી નેમિનાથ સ્વામીને ભેટવાની પોતાની ઉત્કંઠા પૂરી કરવા અત્રે જુનાગઢ સ્થળમાં પધાર્યા.

જુનાગઢના જૈન સમુદાયની ઘણા સમયથી મહારાજ પધારવાના છે એવી ઇચ્છા-પૂરી થઈ. ખુશીના આવેશમાં યથાયોગ્ય ભક્તિદ્વારા સામૈયાથી મહારાજશ્રીનો નગરમાં પ્રવેશ કરાવ્યો તે વખતનો જે કાંઇ ઉત્સાહ હતો ખરૂં કહેવામાં આવે તો તેજ ફળીભૂત થયો નજરે આવે છે શું અનુભવમાં આવી રહ્યો છે. શ્રીનેમિનાથ પ્રભુની યાત્રા કરી પોતે જુનાગઢના જૈન તેમજ જૈનેતર સમુદાયને નિરાશ કરી-ફરી દર્શન ક્યારે મળશે એવી આજીજી કરતાને વિખૂટા મૂકી સાધુ ધર્મની રીતિને માન આપી જુનાગઢથી વિહાર કરી અન્યત્ર પધારી ગયા. જુનાગઢમાં પ્રથમ બાર દિવસ સ્થિતિ કરી તે દરમિયાન એક શ્રી **મહાવીર** જયંતીના પ્રસંગે-એક સરકારી હાઇસ્કૂલમાં અને એક જુનાગઢ વીસાશ્રીમાળી બોર્ડીંગના વિદ્યાર્થિઓને ઇનામ આપવાના મેળાવડા પ્રસંગે એમ ત્રણ ભાષણો આપી લોકોનો જે પ્રેમ, લોકોની લાગણી, તેઓશ્રીના પ્રતિ ઉદ્ભવી હતી તેનાથી આકર્ષાઈ કહો કે ગમે તેમ એવું એક નિમિત્ત આવી બન્યું કે જેથી તેઓશ્રીને પાછું જુનાગઢના તૃષિત લોકોને વચનામૃતનું પાન કરાવવા પાછા ફરવું-પડયું એટલુંજ નહીં-ટોળી-મંડળી બાંધી બીજા સાધુઓને અન્યત્ર પાછળથી પોતાની પહોંચવાની મરજીથી મોકલ્યા હતા તેમને પણ પાછા જુનાગઢ બોલાવવા પડયા-આનું નામ તે ફરસના.

## " જુનાગઢમાં ચોમાસાને માટે સંઘની વિનંતિ અને મહારાજ સાહેબનો સ્વીકાર. "

જે નિમિત્તે પાછા ફરવું થયું હતું તે પૂર્ણ થયે વળી વિહારની તૈયારી કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ સુભાગ્યે જુનાગઢના શ્રદ્ધાલુઓની એવી પ્રબલ ઇચ્છા થઇ કે ગમે તેમ થાય તોપણ આ વર્ષ મહારાજનું ચોમાસું અત્રેજ થવું જોઇએ. સિદ્ધાચલજી તીર્થપર સાધુઓનાં ચોમાસાં થાય તો બાળ બ્રહ્મચારીનાં ત્રણ કલ્યાણકથી પવિત્ર એવા શ્રી ગિરનાર-ઉર્જ્યંત-રેવતાચલ-તીર્થપર કેમ ન થાય ? ક્ષેત્ર ફરસના-શાસનદેવતાની સુનજર-શ્રદ્ધાલુઓની સાચી શ્રદ્ધાના પ્રભાવે મહારાજનું મન પણ કાંઇક દ્રવીભૂત થયું અને ચોમાસાની આશાથી લોકોનાં મન શાંત કરવા શ્રીસંઘની વિજ્ઞપ્તિ સ્વીકાર કરી. પુત્રનાં લક્ષણ પાલણામાંથી જ માલમ પડી આવે તેમ ચોમાસામાં જે જે લાભો થાવાના છે તેના મુહૂર્ત્તરૂપે-જેઠ સુદિ છઠ ને દિવસે **વનથલી** ગામ કે જે જુનાગઢથી નવ માઇલને આસરે છે ત્યાંના રહેવાસી મુંબઇના એક ધીકતા સુપ્રસિદ્ધ વ્યાપારી શેઠ દેવકરણ મૂળજીએ પોતાની ઉદારતા બતાવી પોતાના જાતિભાઇઓની સ્થિતિ ઉંચી આવે એવા ઇરાદાથી મહારાજશ્રીના પ્રમુખપણા નીચે જુનાગઢ વીસા-શ્રીમાળી જૈન બોર્ડીંગને ઉંચા પાયા ઉપર લાવવા પચાસ હજારની એક નાદર રકમ બક્ષીસ કરી પોતાના શુભ ધનનો શુભમાર્ગમાં વ્યય કરી ધનનો સદુપયોગ આમ કરવો યોગ્ય છે એવો બીજાઓને પાઠ શીખવ્યો છે. આ પ્રસંગે પ્રમુખ તરીકેના પોતાના વક્તવ્યમાં મહારાજ સાહેબે જે કાંઇ ઉપદેશ અને કર્ત્તવ્ય પરાયણ થવાની રીતિ બતાવી તે સાંભળી લોકોનાં દિલ પીગળી ગયાં, જેથી મહારાજ સાહેબની સૂચના પ્રમાણે સોરઠની વીસાશ્રીમાળી નાતના સમુદાયની પચીસ હજારની રકમ ભેળી થાય અને શેઠ દેવકરણભાઇ જેટલી રકમ આપવા હાલ તરતમાં તૈયાર છે તેનાથી ડબલ આપવા જરા પોતાના દિલને વધારે ઉદાર કરી પોતાના હાથને આગળ લંબાવે એટલે એક લાખની રકમ શેઠ દેવકરણભાઇના તરફથી પૂરી કરવામાં આવે અને પચીસ હજારની રકમ નાતના તરફથી એકઠી કરવામાં આવે એકંદર સવાલાખની યોજના થાય અને બોર્ડીંગનું કામ ધારા ધોરણથી ઉપાડી લેવામાં આવે તો ઘણું સારૂં ફળ નીવડે. આ વાતને સર્વ કોઇએ ઘણી ખુશીની સાથે સ્વીકારી લીધી છે અને અમુક મુખ્ય આદમીઓએ પચીસ હજારની રકમ એકઠી કરી આપવા પ્રતિજ્ઞા લીધી છે આ એક પ્રથમ મોટું લાભનું કામ થયું છે. આવા મહાત્માના સમાગમથી બીજો લાભ અત્રેના વતનીઓને મરહૂમ પૂજ્યપાદ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહાજની સ્વર્ગતિથિ જેઠ સુદિ આઠમે ઉજવવાનો મળ્યો છે. અમારી જીંદગીમાં અમને આ પ્રથમજ લાભ પ્રાપ્ત થયો છે. જો કે મરહૂમ મહાત્મા પ્રસિદ્ધ હોવાથી અમે તદ્દન અજાણ્યા નહોતા પરંતુ તેઓના સદાચાર તેઓની લાગણી તેઓનાં સમાજ સુધારા પ્રતિનાં કાર્યો વગેરેથી અમો પરિચિત ન્હોતા, તેનો પરિચય આ વખતે અમને થયો છે. જે આનંદ જે લાભ મળ્યો છે તેનું વર્ણન કરવા જીવ્હા સમર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નથી, કલમ લખી શકતી નથી તો પણ યત્કિંચિત્ ઉલ્લેખથી બીજા ભાઇઓને** લાભ મળે એ કારણથી એક પ્રકારનો સ્વામીવાત્સલ્ય સમજી થોડું દિગ્દર્શન **કરાવવામાં આવે છે.**

## નિર્વાણ મહોત્સવનો પ્રારંભ.

**જમાનાને અનુસરી વિજ્ઞપ્તિપત્ર છપાવી આ નગરમાં ખબર આપવામાં આવી આવી હતી જેની નકલ—**

## વિજ્ઞપ્તિ.

સર્વ ધર્માભિલાષી સજ્જનો પ્રતિ સવિનય જણાવવાનું કે જેઠ શુદિ ૮, તારીખ ૯ જૂન શુક્રવારને દિવસે મરહુમ સુપ્રસિદ્ધ **જૈનચાર્ય શ્રી મદ્વિજયાનંદસૂરિ ઉર્ફે આત્મારામજી** મહારાજનો એકવીસમો નિર્વાણમહોત્સવ ( જયંતીરૂપે ) ઉજવવામાં આવનાર છે તે પ્રસંગે મરહુમ મહાત્માનાજ પ્રશિષ્ય મુનિમહારાજ શ્રી વલ્લભવિજયજી ( કે જેઓના પ્રમુખપણા નીચે ગયે શુક્રવારેજ **અનંતધર્માલયમાં** સભા મળી હતી ) વગેરે સાધુઓ તેમજ પંડિતજી **હંસરાજ** શાસ્ત્રી વગેરે સુજ્ઞ સદ્ગૃહસ્થોના તરફથી મરહુમની બાબતમાં કેટલુંક યોગ્ય જાણવા લાયક ઉપદેશ રૂપ વિવેચન કરવામાં આવશે, માટે સર્વ સુજ્ઞ મહાશયો પોતાના મિત્રમંડળ તથા કુટુંબ સાથે ઉપરકોટમાં આવેલી શેઠ હેમાભાઇની ધર્મશાળામાં સવારના આઠ વાગે આ શુભ તકનો લાભ લેવા પધારશો એવી અમો આશા રાખીએ છીએ.

આપના સેવક,
**શાહ પ્રભુદાસ ત્રીભોવનદાસ.**
**શેઠ દેવકરણ મુળજી** વંથળીવાળા.
**શેઠ હરખચંદ જયચંદ.**

## કાર્યક્રમ.

૧ મંગળાચરણમાં પ્રભુ તથા ગુરૂ સ્તુતિ. ૨ ગુરૂમહારાજની મૂર્ત્તિની વાસક્ષેપથી પૂજા. ૩ જુદાં જુદાં ગાયનો. ૪ જુદાં જુદાં છટાદાર ભાષણો. ૫ સમાપ્તિમાં ગુરૂસ્તુતિ.

( નોટ ) બપોર પછી બે વાગે શ્રી મહાવીર સ્વામીના દેરાસરમાં મરહૂમ પૂજ્ય મહાત્માની બનાવેલી સત્તર ભેદી પૂજા ભણાવવામાં આવશે તેમજ રાત્રે ભાવના ભાવવામાં આવશે.

ઉપર પ્રમાણે જાહેર થવાથી સંવત ૧૯૭૨ જેઠ સુદિ ૮ તારીખ ૯ જૂન શુક્રવાર ૧૯૧૬ના દિવસે આપેલ ટાઇમે જૈન તેમજ જૈનેતરોથી હોલ ચીકાર ભ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાઇ ગયો હતો મકાનને વાવટાથી શણગારવામાં આવ્યું હતું. નીચે બેંડ વાજુ પોતાની મધુર ધ્વનિશ્રી અને વાવટાઓ ઇસારાથી લોકોને બોલાવતા હોય તેમ લોકોની ધમાલ મચી રહી હતી. જૈનેતરોમાં ખાસ કરીને અધિકારી વર્ગ અને નાગરગૃહસ્થોઓએ વધારે સારો ભાગ લીધો હતો. એક મોટા સિંહાસન ઉપર ( મરહૂમ-જુનાગઢના દાક્તર સાહેબ ત્રિભુવનદાસભાઇ કે જેમના પ્રયાસથી શ્રી ગિરનાર તીર્થની સુવ્યવસ્થા પગથીઆં વગેરેથી સુધારો થયો છે તેમના પુત્રોએ ગુરૂભક્તિ નિમિત્તે અમદાવાદથી બનાવી મંગાવેલ ઓલપેઇન્ટીંગ ) મરહૂમ જૈનાચાર્ય શ્રીમદ્ વિજ્યાનંદસૂરી ( આત્મારામજી ) મહારાજની ભવ્ય મૂર્ત્તિ સ્થાપન કરવામાં આવી હતી, જે ભાવિક સદ્‌ગૃહસ્થોના ચિત્તને આકર્ષિત કરતી હતી. પ્રારંભમાં મરહૂમ દાક્તર ત્રિભુવનદાસના પુત્ર પ્રભુદાસભાઇએ આમંત્રણ પત્રિકા સંભળાવી. ત્યારબાદ હોરમનીયમની સાથે મીઠી આવાજથી પ્રભુસ્તુતિ તથા ગુરૂસ્તુતિરૂપ મંગળાચરણ કરવામાં આવ્યું. તે પછી કાર્યક્રમમાં બતાવ્યા મુજબ ગુરૂ મૂર્ત્તિની વાસક્ષેપથી પૂજા કરવામાં આવી-તેમજ ગાયન કરવામાં આવ્યું. તે પછી ભાષણશ્રેણિ શરૂ થતાં-પ્રથમ પરિચય આપવા માટે મહારાજ શ્રી વલ્લભવિજયજીએ ઉભા થઇ જણાવ્યું કે આજે મરહૂમ પૂજ્યપાદ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજને પરલોક સિધાવે એકવીસમું વર્ષ શરૂ થાય છે. એઓના નિર્વાણોત્સવથી આપણે શો શો લાભ લેવાનો છે તે એમની કારકીર્દી ઉપરથી જણાઈ આવે છે. મહાત્માઓની જયંતી વગેરે જે કાંઇ તિથિ ઉજવવામાં આવે છે તેનો મૂળ ઉદ્દેશ એજ હોવો જોઇએ અને છેજ કે તેમના આચાર વિચાર અને ઉચ્ચાર કેવા ઉંચા પ્રકારના હતા, એજ કારણથી મહાત્માઓને યાદ કરવામાં આવે છે અને મહાત્માની ગુણોની છાપ આપણા હૃદયપટ ઉપર પાડી મહાત્માને પગલે ચાલતાં આપણે શીખવું જેથી મહાત્માના ગુણાનુવાદથી મહાત્માના ગુણો આપણામાં આવે જેને લઇને આપણો આત્મા પણ મહાત્મા થઇ શકે, માટે આજે જે કાંઇ વિવેચન જુદા જુદા વક્તાઓના તરફથી થશે તે મરહુમના ગુણાનુવાદ રૂપેથશે જેથી આજના સંપૂર્ણ વિષયને " મરહૂમ જૈનાચાર્ય શ્રીમદ્ વિજ્યાનંદસૂરિ (આત્મારામજી) મહારાજનો એકવીસમો નિર્વાણ મહોત્સવ " એમ સમજવું. ઇત્યાદિ હિંદુસ્તાની ભાષામાં બોલી પોતે બેસી ગયા એટલે પ્રથમ વકતા તરીકે મુનિ શ્રી વિચક્ષણવિજયજી આજ્ઞાનુસાર ઉપસ્થિત થયા જેમણે પોતાનો વિષય શરૂ કરતાં જણાવ્યું કે—

## " मुनि श्री विचक्षणविजयजीनुं भाषण "

## वन्दे वीरम्.

शक्यं यन्न विशेषतो निगदितुं प्रेम्नैवचिन्तितं, मृद्वङ्गी वदनेन्दुमण्डलमिव स्वान्ते-
विधत्तेमुदं ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यन्मुग्धा नयनान्त चेष्टितमिवाध्यक्षेपिनालक्षितं, तत्तेजो विनयादमंदहृदया नन्दा-
यवन्दामहे ॥ १ ॥

योविश्वं वेद वेद्यं जलन जलनिधे र्भङ्गिनः पारदृश्वा
पौर्वापर्याविरुद्धं वचनमनुपमं निष्कलंकं यदीयं
तं वन्दे साधुवन्द्यं सकलगुणनिधिं ध्वस्तदोषद्विपन्नं
वुद्धंवा वर्धमानं शतदल निलयं केशवं वा शिवं वा ॥ १ ॥

चारित्र सिन्धो करुणा सुधेन्दो निस्स्वार्थवुध्या भवजीववन्धो
कैसे करूमैं स्तवना तुह्मारी हुं अल्प ईहा दिल भक्ति भारी ॥ २ ॥

में स्तोत्र इस्से करने खडा हुं वार्ता प्रसिद्धा खलु लोक मध्ये
फेंका हुआ पथ्थर खंड क्या न प्रयातिशीघ्रं गगनान्तराले ॥ ३ ॥

कहो प्यारे वन्धो छवि निरखके सूरिवरकी,
न को हर्षावेगा त्यजति जलधारां स्वनयनात्
प्रतिष्ठयादृष्टाप्रथमकृतपुण्यैर्वहुतरैः, हमारे भाग्योमें दरशन कहां शुद्ध मुनिका ॥ ३ ॥

लुभाती थंभाती मन नयनको मुर्ति जिनकी, प्रतिष्ठायामें भी अहह सकती आज
तक है
यदि साक्षात्होते स समयमें सूर्य समजो, समाजोकां सारा दुख विलय होता
निरखके ॥ ४ ॥

न कष्टोंकों देखा परउपकृति चित्त धरके, जिन्होंने देखाया सुगतिपथको नाम उनके
फिराते मालामें सवजन सदा प्रेम धरके, नमो तस्मै प्रेम्नाविजयिविजयानन्द
कृतिने ॥ ५ ॥

उत्तारा दुःखोसे जनम धरके पंचदनको, हटाया अज्ञान प्रखर करहो अन्ध तमको,
नही तो भी धारा निज हृदयमें ज्ञान मदको, नमो तस्मै प्रेम्ना विजयिविजयान-
न्द कृतिने ॥ ६ ॥

पसारा सद्धर्म क्षिति तलविषे ग्रन्थरचके, उतारा दुर्वादि मद वचनको सिद्धगिरिमें,
सभी नेताओंनें मिलकर दिया सूरिपदको—नमोतस्मै. ॥ ७ ॥

चिकागोमें भेजा प्रतिनिधिवना जैनमतको, बतानेके हेतु जगतजनके सत्यपथको,
बने श्रद्धाधारी गुरु समझके सूरिवरको, । नमोतस्मै प्रेम्ना— ॥ ८ ॥

सभीके प्रश्नोका समुचितपने उत्तर दिया, प्रशंसाकी काव्यविमल रचके हार न लने,
नहीं जीते भूल उपकृति महा कोविदजन, नमोतस्मै प्रेम्ना ॥ ९ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



परमपूज्य गुरुवर्य, सद्ग्रहस्थो सुशीला बहनों ?

पूर्व कथनसे आपको यह विदित है, कि अपने इस पवित्र भूमिमे किसलिए एकत्र हुए है। में आज किसलिए यहां उपस्थित हुआ हुं यह भी आप जानते है। इसके पहले मैं इतना अवश्य कहुगां, कि मुझे परमपूज्य मरहुम महात्मा न्यायाम्भोनिधि श्रीमद्विजयानन्दसूरीश्वरके दर्शनका सौभाग्य नही मिला, परन्तु निकटोपकारी श्री गुरुमहाराजके मुखारविन्दसे सुन और उनके कर चरित्रके अवलोकनसे, जो कुछ मुझे उपलब्ध हुआ, उसमेसे यत्किंचित् बोलना चाहता हु। वा कि यूतो मेरे मातःस्मरणीय श्री गुरुजी महाराज उनका निर्मल जीवन सुनावेगें ही क्योंकि आपके अन्त समयतक आपकी सेवामे आप ( श्री गुरुजी महाराज ) हाजिरथे इसलिए आप जितना कह सकते हैं मेरे ख्यालमे अन्य कोइ न कह सकेगा। उपकारीका उपकार न भूलना इसीको कृतज्ञता कहते है, हर्षकी बात है कि आज हम तुम उपकारीके उपकारको स्मरण कर कृतज्ञ बननेका प्रयत्न कर रहे हैं।

सज्जनो ! इन महात्माने जो उपकार किये हैं उनका वर्णन करना मेरी शक्तिसे वाहर है, यानि वचनातीत है, तो भी मैं इतना अवश्य कहुगा कि जिस समय जैन समाज अज्ञान समुद्रमे डुबकी खा रहा था, जिस समय शान्तिसागर अपनी मर्यादाको उलंघ कर अशान्तिके तोफानसे जैन समाजके जहाजको डुबा रहाथा, जिस समय राजेन्द्रसूरि बाह्याडंबरसे, मधुर वाणीसे, और कुयुक्तिओसे, वाग्जालमे फसाकर अपने पाण्डित्यका परिचय दे रहाथा, जिस समय अध्यात्म नही, नही, अंधातमकी कालिमा हुकुमरूप होकर "सूरत" को अंधेरेमें आंख बन्द कर रहनेके लिए प्रतिज्ञारूप वाडेमे बन्दकर रहाथा नही नही पशुओंके न्याइ पुर रहाथा, कहांतक श्रद्धालु धर्मात्माओंको धर्माचरणसे पतितकर अपने सदृश स्वेच्छाचारी बनानेका प्रयत्न कर रहाथा—

जिस समय जैन समाजके प्रातःस्मरणीय मुनिमण्डलकी विद्याशिथिल होरहीथी, सौभाग्यवश विधर्मिओंके कराल गालसे बचे हुए जगतके आदर्शरुप हजारो ग्रन्थ भण्डारमे कार्यवाहकोंके प्रमादसे कीडेके शरण हो रहे थे यानी सड रहेथे. उस समय जैन समाजको पुर्वोक्त महान कष्टसे मुक्त करनेका काम इन्ही महात्माने किया इसलिये जैन समाज इन महात्माका कितना ऋणि है यह आप स्वयं

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विचार सकते है। **महाशयो !** जो उपकारी होते है वह स्वयं शान्त मुर्ति हो कर अन्यकी अशान्तिको हटा देते हैं, वह उद्वेग रहित होते हैं, वही इस संसारमे कुछ कर सकते हैं, नकि जो तापसे पथ्थरके भांति जरासामे, गरम जरा सामे, ठण्डा हो जाता हैं, यानि जिस काम न जरासा सुख या दुःखसे विचलित हो जाता है, वह नतो अपना सुधार कर सकता है न अन्यका ! आप एसे नही थे, कैसाही विघ्न कैसाही दुःख, कैसाही समय, कैसाही भारी कार्य, क्यो न आ॰ पडे, उस समय जिसका मन हिमाचलकी भांति निश्चल रहता है, वही उपकार-चक्रको चला सकते है, वही संसारके वीरोंमें गिने जाते हैं, वही संसारमे कुछ कर सकते हैं, उसीके नामकी जपमाला सच्चे और साफदिलसे लोक फिराते हैं, उन्हीको सारा समाज पूज्यदृष्टिसे देखता है, उन्हीका नाम इतिहासोमे अजरामर होता है, वोहि लोगोपर कुछ सच्चा उपकार करते हैं, आपभी एक एसेही महर्षिथे **सभ्यश्रोतृवृन्दो** ? विपदाको सहन करता हुआभी उपकारी पुरुष परोपकारसे चित्तवृत्ति नही खेंचता, जैसे किसी कविने कहा हैं।

उपकृति साहसिक तया क्षतिमपि गणयातिनोपकारी
प्रकाशयति प्रकाशं दीपशिखा स्वांगदाहे न ॥ १ ॥
आपद्गतः खलु महाशय चक्रवर्तिः विस्तारयत्यकृत पूर्व मुदारभावं
कालागुरु दहन मध्य गतस्समन्तात् लोकोत्तरं परिमलं प्रकटी करोति ॥ २ ॥
जडसे उखाडके सुखाय डाले मोहि मेरे प्राग घोंटडालें धर धुंआके मकानमे,
मेरी गांठ काटे मोहि चाकुसे तरासडारे अंतरसे चीरडारे धरे नही ध्यानमें
स्याही मांहि बोर बोर करे मुख कारो मेरो करोंगें उजारो तोहुं ज्ञानके जॉहानपे
परेहुं पराये हाथ तजौ न परोपकार चाहे घिस जाउँ यो कलम कहे कानमें ॥५॥

इससे आप समझसके होंगे कि उपकारीका कैसे कष्टका सामना करना पडता है, आपको कितनी कष्ट सहन करना पडा इसका निर्णय जिस समय आपने ढुंढक मतको जैनदर्शनसे विपरीत समझ कर उस छोडकी मनमें ठान लीधी उस समय आपके मनमे एसा विचार उत्पन्न हुआथा कि मैं सच्चे रास्तेका राही बनुगा नीतिके पथको न छोडुगा वैसे नीति कारने कहा है " निन्दन्तु नीति निपुणा यदि वास्तवतुन्तु, लक्ष्मी समादिशतु गच्छतु वा यथेष्टं, यद्यैवा मर-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



णमस्तु युगान्तरे वा न्यायातपथः प्रविचलन्ति पथं न धीरा " चाहे कितनाहि कष्ट सामने क्यो न आवे. जैनदर्शन स्याद्वाद शैलीसे विपरीत कथन न करूंगा ऐसे विपरीत विचार, लोगोंमें सत्य उपदेश देने लगे उस समय ढुंढियोने इन महात्माको आहार, पानी, वस्त्र, पात्र, स्थान किसीने नही देना, और न इनके पास किसीने जाना एसी उद्घोषणा स्थान स्थानमें करदी थी. परंतु इससे क्या होना था. आत्मार्थी, सत्यग्राही, सत्यवक्ता, लोकोंको सच्चे रास्तेको बतानेवाले महात्माके प्रति इस प्रकारका आचरण, अफसोस! यही तो दुनियामें मोटी भूल पडी हुइ है. कि अपने मतलबके लिए सत्यका खुन कर देना! अस्तु

एसे समयमें भी आप उपकार करनेसे नही हटें, आप धर्मशालामें उतरतें जैनेतर ब्राह्मण, क्षात्रि, वैश्योंके घरोसे योग्य भिक्षा मांगते और सत्य उपदेश के चक्रको चलाते हुए आपको बडे बडे कष्टोका सामना करना पडा था. एसे कष्टोंको जिन्होने सहन किया, इसीसे आज पंजाबमें १५००० मनुष्य शुद्ध श्रद्धाको माननेवाले अर्थात् मूर्ति माननेवाले ५० सो जिनेश्वर भगवानके मन्दिर है; जिसकी ध्वजा आकाससे वातें करती नजर आती है।

सज्जनो; महात्माके जीवनका एक एक अंश भी जगद्वासी जीवोंके उद्धारमे कारनभूत है तो उनके संपूर्ण जीवनका कहना ही क्या, किन्तु मैं पहले ही कह आया हुं कि न मुझमे इतनी ताकत है और न इतना टाइम है, इसलिए जो कुछ कहा गया उसमेंसे यथायोग्य ग्रहन करना चाहिए. केवल पूर्वजोंके गुन गानेहीमे आप अपने कर्तव्यकी इतिश्री न समझिए, उन्हीके सदृश अद्भुत शक्ति आविष्कार करनेके लिए प्रयत्न करिए और उनके सच्चे अनुगामी बनिए.

दयादयालो दिलमे वहाओ आ स्वर्गसे सौख्य भरो उठाओ
हो एकता स्नेहसुधा पिलाओ याश्वायही वल्लभता सिखाओ ।५।
गुरु आतम आतममें रटना जगवल्लभ वल्लभको रटना
जिससे मिटता भवमें अटना उससे चहिए न तुम्हे हटना ।६।

આટલું કહી પોતે સ્થાન લીધું. ત્યારબાદ મુનિશ્રી વિબુધવિજયજીએ ઉભા થઈ આજ્ઞાનુસાર પોતાનું ભાષણ શરૂ કરતાં જણાવ્યું કે—

## " मुनिश्री विबुधविजयजीनुं भाषण. "

श्रीशाली ग्रहस्थो!

परमपूज्य महोदय सभापतिजी! मुनिवरो! महानुभावो! आज आप

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लोगोंका यहां पर जिस लिए आना हुआ है वह तो आपको विदित ही है बडे हर्षका समय है कि आज हम तुम जिस महापुरुषकी जयंति करने के लिए उपस्थित हुए हैं उनका नाम था श्रीमद्विजयानन्दसूरि श्री आत्मारामजी महाराज। आप जैनधर्मके नामांकित आचार्योंमेंसे वर्त्तमान कालमें बड़े विद्वान् प्रतिभाशाली अग्रगण्य सत्पुरुष थे। आपका प्रताप हमें तुम्हें आपके इस सिंहासन पर विराजमान की हुई मूर्त्तिसे ही झलक रहा है। आपका जीवनचरित्र संसारी जीवोंके लिए बड़ा ही उत्तम एवं अनुकरणीय है।

आप क्षत्रीकुलमें उत्पन्न हुए थे आपे बाल्यकालमें ही संसारकी मोहजाल तोड कर मुक्ति पथपर सवार हो गए थे. और अनेकोंका आपने अपना अनुगामी बनाया था. आपने अपने जीवनमें गुजरातसे पंजाब और पंजाबसे गुजरातका दो बार चक्कर लगाया. उस दरमियान में आपको अनेक प्रकारके परीषहोंके अलावा बड़े बड़े कष्टोंका सामना करना पड़ा. परंतु आपने उनकी कुछ परवाह न करके संसारी जीवोंके उद्धारका ही प्रयत्न अंतसमय तक जारी रक्खा।

आपने विश्व मात्र के प्राणीयोंके उद्धारमें अपना आत्मोद्धार समझा था। आपकी ज्ञानशक्ति बड़ी ही अलौकिक थी। आपके पास कोई कुछ अपना संदेह दूर करनेको आताथा तो आप उसे बड़े ही मधुर शब्दोंमें सशास्त्र युक्ति पूर्वक उत्तर देते थे आगलेका समाधान करनेको बाज वक्त तो आपकी शक्ति साक्षात् बृहस्पतिका काम करती थी। पाश्चात्य विद्वान् डॉ० हर्नल महोदयने एक उपासकदशाङ्ग सूत्रका इंगलिश अनुवाद किया है जिसमें महोदय साहबने आपकी स्तुतिके चार श्लोक रचकर वह ग्रंथ आपको ही अर्पण किया है। महोदय साहब आपके विषयमें लिखते हैं कि—

दुराग्रह ध्वान्त विभेदभानो हितोपदेशामृत सिन्धु चित्त,<br>
सन्देह सन्दोह निरास कारिन् जिनोक्त धर्मस्य धुरन्धरोसि ॥ १ ॥<br>
अज्ञानतिमिर भास्कर—अज्ञान निवृत्तये सहृदयानाम्<br>
आर्हत तत्त्वादर्श—ग्रन्थमपरमपि भवानकृत ॥ २ ॥<br>
आनन्दविजयश्रीम—न्नात्माराम महामुने<br>
मदीय निखिलप्रश्न व्याख्यातः शास्त्रपारग ॥ ३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कृतज्ञता चिह्नमिदं ग्रन्थसंस्करणं कृतिन्
यत्नसंपादितं तुभ्यं श्रद्धयोत्सृज्यते मया ॥ ४ ॥

सद्‌गृहस्थो ! आपको विदित हो गया होगा कि इन पाश्चिमात्य विद्वान्‌को आपसे कितना उपकार हुआ । आपकी विद्वत्ताका डंका युरोप और अमेरिका तक बज गया । आपका जीवनचरित्र बहुत बडा और अवश्य सुनने लायक है. मैं आपका जीवनचरित्र वर्णन करुं इससे तो बेहतर होगा कि मैं और आप सब ही लोग श्री परमपूज्य सभापतिके आसनको अलंकृत करनेवाले गुरुवर्यके मुखारविंदसे सुनें तो क्या ही अच्छी बात है.

मैं अपने हृदयगत आनन्द व गुरुभक्तिमें इतना ही कहकर बैठ जाता हूं ।

ત્યારબાદ પછી આજ્ઞાનુસાર મુનિશ્રી કસ્તૂરવિજયજીએ પોતાનું ભાષણ શરૂ કરતાં ગુરૂસ્તુતિ ગર્ભિત અષ્ટક ઉચ્ચારણ કરી જણાવ્યું કે—

## " મુનિશ્રી કસ્તૂરવિજયજીનું ભાષણ. "

### अर्हम्.

" गुरुवर्य श्रीमद्विजयानंदसूरि स्तुत्यष्टकम्. "

અવિદ્યા અંધારે ગમન કરતા પ્રાણી ગણુના,
મહદ્ ભાગ્યોદેવી રવિસમ પધાર્યા ક્ષિતિ તલે;
કરી ગાવોથી છે અભિનવ પ્રભા ધ્વાંત હરવા,
નમો પ્રેમે એવા ગુરૂજી વિજયાનંદસૂરિને. ૧
નથી આડા આવ્યા મદનરૂપિ મેઘો ઉદયથી,
સ્ફુરત્કાન્તિ તેથી અતિશય હતી બાલ્ય વયથી;
પ્રકાશ્યા ભાવોને અખિલ જનમાંહી સ્ફુટપણે,
નમો પ્રેમે એવા ગુરૂજી વિજયાનંદસૂરિને. ૨
થયા જ્ઞાની મોટા રૂચિર જીન માર્ગે વિચરતાં,
ધરાવ્યું ન્યાયાંભોનિધિ નિજતણું નામ જગમાં;
ઘણા સ્થાપ્યા ભવ્યો કુમત મત કાપી સુમતમાં,
નમો પ્રેમે એવા ગુરૂજી વિજયાનંદસૂરિને. ૩
સહીને કષ્ટોને પરિષહ તણા આપ તનમાં,
જણાવ્યા તત્ત્વોને જીનવર તણા સર્વ જનમાં;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી રાખી ખામી પરમ કરવામાં ઉપકૃતિ,
નમો પ્રેમે એવા ગુરૂજી વિજયાનંદસૂરિને. ૪

રચ્યા ગ્રન્થો જેણે ગહન અતિ શાસ્ત્રો નિરખિને,
ઘણા હીન્દીમાંહી સરલ કરી તત્ત્વો વરણવ્યા;
થયા સર્વે ગ્રન્થો ગુણકર અતિ સ્વલ્પ મતિને,
નમો પ્રેમે એવા ગુરૂજી વિજયાનંદસૂરિને. ૫

ફરીને ક્ષોણીમાં અનુભવિ થયા સર્વ મતના,
કરીને ચર્ચાઓ અસલ મત થાપ્યો અવનિમાં;
ઘણા પ્રાણી પોતે શયન કરતા બોધિત કર્યાં
નમો પ્રેમે એવા ગુરૂજી વિજયાનંદસૂરિને. ૬

કર્યાં કાર્યો જે જે અવિચળપણે ધૈર્ય ધરીને,
બની ઉંચાં તે તે અખિલ જનમાંહી પ્રિયથયાં;
સમારંભી કાર્યો વિકલ નહીં થાતા વિઘ્નથી,
નમો પ્રેમે એવા ગુરૂજી વિજયાનંદ સૂરિને. ૭

નથી વિશ્વે કોઇ ગુરૂની ઉપમા ધારણ કરે,
હમેશાં ભાવોથી અગર ઉપકારી મન ધરે;
લહે નિશ્ચે તે તો મનુજ જય મોટો અવનિમાં,
નમો પ્રેમે એવા ગુરૂજી વિજયાનંદ સૂરિને. ૮

મહાશયો! વિશ્વવંદ્ય પૂજ્યપાદ મર્હૂમ મુનિ શ્રી મદ્વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજના નામથી જૈન કોમમાં ભાગ્યેજ કોઇ અજાણ્યો હશે, મહાત્મા શ્રીએ જૈન તેમજ જૈનેતરમાં સારી પ્રતિષ્ઠા મેળવી ધર્મોદ્યોત કરવામાં ન્યૂનતા નથી રાખી, આવા મહાત્માશ્રીના પવિત્ર જીવનને સ્મૃતિમાં લાવવા આજે આપણે અહીંઆ એકત્રિત થયા છીએ, તે ઘણી હર્ષની વાત છે!

સજ્જનો! ઉત્તમ પુરૂષોના પવિત્ર જીવનનું સ્મરણ, અને અવલંબન પવિત્રતાને બનાવે છે, એ અનુભવ સિદ્ધ વાત છે, વિશ્વમાં દરેક પ્રાણી પવિત્ર વસ્તુના ગ્રાહક છે, અને એટલાજ માટે એક પૈસાની પણ વસ્તુ ગ્રહણ કરશે તો, શુદ્ધ વસ્તુને ગ્રહણ કરશે. જ્યારે પૌદ્ગલિક વસ્તુઓમાં પવિત્રતાનું અન્વેષણ કરવામાં આવે છે, તોપછી આત્મિક જીવનમાં પવિત્રતાના સંચાર માટે કેમ ન પ્રયત્ન કરવો જોઇએ?

બંધુઓ! મ્હારાથી પ્હેલાં કેટલાક મહાશયોએ ઉક્ત મહાત્માના જીવન સંબંધિ કાંઇક વર્ણન કર્યું છે, અને આગળ વર્ણન કરવાને કેટલાક મહાશયો ઉત્સુક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, તેથી મ્હારે તત્સંબંધિ વર્ણન કરવાની કાંઇ વિશેષ આવશ્યકતા નથી, તોપણ હું એટલું તો અવશ્ય કહીશ કે, આપણે કેવળ વાચિક ક્રિયાથી સિદ્ધિ ઇચ્છીએ છીએ, અર્થાત્ મહાત્માશ્રીના પવિત્ર જીવનનું સ્મરણ કરી પોતે પવિત્ર જીવનવાળા બની ગયા એવી માન્યતાને હૃદયમાં સ્થાન આપીએ છીએ, એ આપણી બુદ્ધિનો વિપર્યાસ છે, જો એમ કેવળ વાચિક ક્રિયાથીજ સિદ્ધિ થતી હોય તોપછી કાયિક ક્રિયા (કર્ત્તવ્યપરાયણતા) કરવાની આવશ્યક્તાજ નહિ, અને એમ થવાથી ત્રણ પ્રકારના જે કાયિક, વાચિક અને માનસિક વ્યાપારો છે, તેમાંથી કાયિક વ્યાપારનો ઉચ્છેદ થવાનો પ્રસંગ આવે, તેમજ શ્રવણ, મનન અને નિદિધ્યાસનમાંથી નિદિધ્યાસનનો પણ અભાવ થઇ જાય માટે કર્ત્તવ્યપરાયણતા સાધ્યસિદ્ધિનો મૂખ્ય હેતુ છે. દુનિયાની અંદર કોઇપણ પ્રાણીએ સાધ્યસિદ્ધિ કરી છે, તો કર્ત્તવ્યપરાયણ થઇનેજ કરી છે. આપણે પણ હમેશાં અનુભવિએ છીએ કે, કેવળ વચન વ્યાપારથી કાર્ય થતું નથી. જેમકે ભોજનનું નામ લેવાથી ક્ષુધાની નિવૃત્તિ નથી થતી, રસોઇની બધી સામગ્રી પડી હોય પણ જ્યાંસુધી બનાવીએ નહીં ત્યાસુધી સ્વયં બનતી નથી, ચારિત્ર તથા ધર્મના કથન માત્રથી ચારિત્ર તથા ધર્મના આરાધક કહેવાતા નથી, તેમજ મહાત્માશ્રીના કેવળ ગુણ ગાવાથી પવિત્ર જીવનવાળા બનાતું નથી; પણ ગુણોનું અનુકરણ કરવાથી પવિત્ર જીવનવાળા બનાય છે. ન્યાયાચાર્ય, તથા એમ, એ, બનવું હોય છે, તો ન્યાયાચાર્ય તથા એમ, એ, બનેલા મનુષ્યના ગુણ ગાવાથી બની શકાતું નથી, પણ અધ્યયનાદિ કાયિક ક્રિયા કરવી પડે છે. મુકતાત્મા બનવાનો ઉપાય બતાવતાં શાસ્ત્રકારોએ પણ કહ્યું છે કે, "**ज्ञान क्रियाभ्यांमोक्षः**" જ્ઞાન અને ક્રિયાવડે મુક્ત થવાય છે. ચિદાનંદજી મહારાજ પણ કાયિક ક્રિયાને અવલંબિને કહે છે કે "કથની કરે સહુ કોઇ, રહણિ અતિ દુર્લભ હોઇ" કહેવું સહેલું છે કરવું કઠીન છે. કહેતાં કાંઇપણ વાર નથી લાગતી આપણે ઝટ કહી દઇએ છીએ કે ધર્મનું આરાધન કરવાથી મુક્તિ મળે છે, પણ ધર્મનું આરાધન કરતાં તથા મુક્તિ મેળવતાં કેટલો સમય લાગે છે, અને કેટલું કષ્ટ વેઠવું પડે છે.

સજ્જનો! પવિત્ર જીવન બનાવવું એ સ્હેલું કામ નથી? જીવનમાંથી અપવિત્રતા કહાડી નાંખી પવિત્ર જીવનવાળાનું અનુકરણ કરવુ પડે છે, આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ કે, કાષ્ઠાદિવસ્તુ અગ્નિપણું ત્યારેજ પ્રાપ્ત કરે છે કે જ્યારે પોતાનામાં રહેલી મલીનતા દૂર કરી, પ્રકૃત્તિમાં પરિવર્ત્તન કરે છે. જળ પણ દુગ્ધપણાને ત્યારેજ ધારણ કરે છે કે, જ્યારે સ્વભાવને બદલી દુગ્ધના ગુણોનું અનુકરણ કરે છે. તેમજ ઉત્તમ પુરૂષોના ગુણોના સંપર્ક થયા વગર ઉત્તમતા પ્રાપ્ત થવી દુર્લભ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુજ્ઞ મહાશયો ! મહાત્માશ્રીમાં રહેલા અનેક ગુણોમાંથી પવિત્ર જીવનના હેતુભૂત મુખ્ય બે ગુણોને આપની આગળ રજુ કરી હું મ્હારૂં કથન સમાપ્ત કરીશ. જે ગુણોને હું કહેવા ચાહું છું તેમાંથી પ્રથમ ગુણ ત્યાગવૃત્તિ, આ ત્યાગવૃત્તિની સાથે જીવનનો આરંભ થાય છે. માટે ત્યાગવૃત્તિ પવિત્ર જીવનનું મુખ્ય કારણ છે. આ ત્યાગવૃત્તિ કેવળ ધન, ધાન્ય, સ્ત્રી, પુત્ર પરિવાર માત્ર છોડી દેવાથી નથી થતી પરંતુ કષાય વિષયાદિ અંતરંગ ઉપાધિઓ છોડી દેવાથી થાય છે. અને તેજ પવિત્ર જીવનને બનાવે છે. જીવનમાં અપવિત્રતાનો સંચાર કરવાવાળી અંતરંગની ઉપાધિઓ હોય છે, પણ કેવળ બહારની નથી હોતી. બહારની ઉપાધિ છોડી દેવા છતાં પણ એ અંદર તૃષ્ણા બની રહે તો ત્હેનું મન બહારની ઉપાધિમાં આશક્ત રહેવાથી ચિત્તની મલિનતા દૂર થતી નથી. અને જો બહારની ઉપાધિથી મુક્ત થયેલાને ત્યાગી કહેવામાં આવે, તો પછી જેઓ ભિખારી હોય છે, અને જેઓને અંતરાય કર્મના ઉદયથી ભોગોપભોગની સામગ્રી મળતી નથી, તેઓને ત્યાગી કહેવા જોઇએ. અને તેઓને પણ પવિત્ર જીવનવાળા માની તેઓની જયંતી કરી ગુણોત્કીર્તન કરવું જોઇએ, પણ વાસ્તવિકપણે જોતાં તો અંતરંગની ઉપાધિઓને ત્યાગ કરવાથીજ ત્યાગવૃત્તિ કહેવાય છે. મહાત્માશ્રીના જીવનથી આપણને સ્પષ્ટ જણાઈ આવે છે કે, એમનામાં સાચી ત્યાગવૃત્તિ હતી. અભિમત્તાદિ કષાયાદિનો એમણે સારી રીતે ત્યાગ કર્યો હતો. અને જો એમ ન હોત તો પૂર્વઆચરિત પંથમાં માન પ્રતિષ્ઠા હોવા છતાં પણ અશ્રેસ્કર જ્ઞાત થતાં ત્યાગ ન કરત.

બીજો ગુણ સુખને ન ચાહતાં પરમાત્માને ચાહવું. આ ગુણ મહાત્માશ્રીમાં અદ્વીતિય હતો, એમણે અનેક કષ્ટો સહન કરી હજારો મનુષ્યોની પરમાત્મા પ્રત્યે લાગણી કરાવી પરમાત્માના પરમ ભક્ત બનાવ્યા એ વાત પ્રત્યક્ષ દ્રષ્ટિગોચર થઈ રહી છે.

સુજ્ઞ મહાશયો ! મહારાજશ્રીના અનેક ગુણોમાંથી પવિત્ર જીવન બનાવવાના જે મૂખ્ય હેતુઓ આપણી આગળ રજુ કર્યા છે, ત્હેનું યથાશકિત પાલન કરી પોતાના જીવનમાં પવિત્રતાનો સંચાર કરશો. જેટલું આપણે ગુણોત્કીર્તન કરીએ છીએ, તેના શતાંશ પણ જો અનુકરણ કરીશું તો, કાંઇને કાંઇ ફળ પ્રાપ્ત થશે, નહીં તો કલાક બે કલાક ડાચાં દુખાવી કીનારે થઈ ગયા ત્હેમાં કશોએ લાભ નથી. ટાઇમ ઘણોજ થોડો મળવાથી સંક્ષેપમાં જે કાંઇ મેં પોતાનો વિચાર દર્શાવ્યો છે, તેમાંથી સુજ્ઞ મહાશયો હંસ ચંચૂ બની સાર ગ્રહણ કરશો, એવી આશા કરી હું પોતાનું સ્થાન લઉં છું, કહી પોતે પોતાનું સ્થાન લીધું.

એ પછી ભાવનગર નિવાસી મી૦ ડાહ્યાભાઇએ વિવેચન કરતાં જણાવ્યું કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મિ ડાહ્યાભાઇનું ભાષણ.

ते तीर्णा भव वारिधिं मुनिवरा स्तेभ्यो नमस्कुर्महे ।
एषां नो विषयेषु गृध्याति मनो नो वा कषायैः प्लुतम् ॥
राग द्वेष विमुक् प्रशान्त कलुषं साम्याप्त शर्माद्वयं ।
नित्यं खेलति चाप्त संयम गुणा क्रोडे भजद्भावना ॥

આજે આપણે એક મહાત્માની જયંતિ ઉજવવા એકઠા થયેલા છીએ, તે મહાત્માશ્રીનાં સંબંધમાં મહારાજ શ્રી વિચક્ષણવિજયજી, વિબુધવિજયજી તથા કસ્તુવિજયજીએ ઘણું સમજાવેલું છતાં, બોલવા રજા લઉં છું કે આ મહાત્માશ્રીનું ચરિત્ર જોતાં ખ્યાલ થાય છે કે તેઓ એક મહા પુરૂષ હતા. મહાન પુરૂષની જયંતિ ઉજવવાનો હેતુ પણ એજ જણાય છે કે તેમનામાં રહેલા ગુણો આપણી દૃષ્ટી સમક્ષ થવાથી આપણને તેમનું સ્મરણ થાય છે, અને તેવું ઉચ્ચ વર્તન બનાવવાને આપણે પણ ભાગ્યશાળી બની શકીએ છીએ. હવે હું તેઓ સાહેબના સંબંધમાં વધારે કહેવાનો ટાઇમ ન રોકતાં, તેમને માટે બીજા પાશ્ચિમાત્ય વિદ્વાનોનો શું મત હતો તે કહેવા રજા લઉં છું. પ્રસંગમાં એક વિદ્વાન કવીની બનાવેલી કવિતા પણ કહું છું.

The lives of great men all remind us,
We make our lives sublime;
And departing have behind us,
The foot prints on sand at him.

( Longfellow. )

Born as the son of a Kshatriya, he proved himself worthy, in his struggle life-long against Karma, of the much coveted leader ship of a holy band who gathered round the flag of a sacred war and who in the end got the wished for victory. Vijayanand Soori's erudition and his true conception of the teachings of our Lord Mahavir were unrivalled. Being the greatest scholar, he travelled far and vide and in his cyele of wanderings from the far off Punjab to Gujrat and Kathiawar he earned for himself a fame which was second to none in his time. He preached Jainism in its liberal sense and succeeded in convincing thousands of non-Jains of the theistic teachings of the most humane of all religions In recognition of his great services to Jainism he was honoured with the most valuable title of "Jainacharya" and as such he was the

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



recognised lea ler of the first order of the Jain brother-hood. He read much, thought much and wrote much.

It is a great satisfaction to us, gentlemen, to know that Jains and non-Jains, Asiatics Europeans and Americans, without distinction of caste, creed or locality, drank equally from his springs of learning. Swamy Yogajewanand Saraswati, an Indian Sanyasi of great learning, turned out to be the greatest believer in Jainism by reading the Soori's great works and composed a verse in praise of the author which could be interpreted in 51 different ways. Dr. Hoernle, Honorary Secretary to the Royal Asiatic Society, Calcutta, approached Atmaramji Maharaj from time to time with some difficult and intricate questions on Jainism and received satisfactory answers from him. He has expressed his indeftedness to the Mooniraj in the following terms:—" In a third appendix I have put to gether some additional information that I have been able to gather since publishing the several fascicale. For some of this information, I am indebted to Mooni Maharaj Atmaramji Anandvijayji, the well known and highly respected Sadhu of the Jain community throughout India and author of ( among others ) two very useful works in Hindi. The Jain Tatwadarsha and the Agnana Timir Bhaskar. My only regret is that I had not the advantage of his invaluable assistance from the beginning of my work."

આ મહાત્માશ્રીનું કેળવણી તરફ ઘણુંજ સારૂં લક્ષ હતું. કારણ કે પોતે મ-હોટા વિદ્વાન હતા, ઉદાર મન્તવ્ય હતું, શોધકવૃત્તિ હતી, અને વર્તન ઉચ્ચ હતું. તેમના ગુણો આપણા મનનાં આરોપીને આપણે પણ જો સદ્‌વર્તન કરીએ તો આ જયંતિનો હેતુ સફળ છે એમ સમજાય.

---

એ પછી માંગરોળનિવાસી શેઠ છોટાલાલ પ્રેમજીએ મરહૂમ પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય જૈનાચાર્ય શ્રી મદ્વિજયાનંદસૂરિ ઉર્ફે આત્મારામજી મહારાજની બાબત બોલતાં જણાવ્યું કે—

## શેઠ છોટાલાલ પ્રેમજી માંગરોળવાળાનું ભાષણ.

પરમ પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજની જયન્તી સંબંધમાં તેઓશ્રીના જીવનચરિત્ર અંગે મારી અગાઉના વક્તાઓએ ઘણું કહ્યું છે, એટલે મારે વધુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવાપણું રહેતું નથી, તોપણ, યથાશક્તિ આ સ્થળે આપ સાહેબો સમક્ષ હું કંઈક રજુ કરવા રજા લઉં છું.

મહાન પુરૂષોના જીવન ચરિત્ર સબંધમાં ચોક્કસ ધર્મને માનનારાઓ, પોતાના ગુરૂઓ સંબંધમાં કંઇપણ લાગણીથી અગર અભીમાનથી કથન કરે, તે સ્વાભાવિક છે, પણ તે સર્વમાન્ય હોઇ શકે નહિ. પરમપૂજ્ય શ્રી આત્મારામજીમહારાજ સંબંધમાં તેઓને જૈન અને જૈનેતર સમાન માનની દૃષ્ટિથી જોતા હતા, તે એટલા સુધી કે તેઓની વિદ્વતાને અંગે, જ્યારે સને ૧૮૯૩ માં અમેરીકામાં ચીકાગો શહેરમાં Parliament of Religious ભેગી થઇ, તે વખતે પરમપૂજ્ય શ્રી આત્મારામજીમહારાજને મજકુર સભામાં પધારવા માટે આત્રંમણ કરવામાં આવ્યું હતું, પણ સાધુના આચાર વિચાર પ્રમાણે તેઓ ત્યાં જઇ શકે તેમ ન હોવાથી, પોતાની તરફથી અને જૈન કોમ તરફથી મરહુમ મી. વીરચંદ રાઘવજી ગાંધીને પ્રતિનિધિ તરીકે ચીકાગો મોકલવામાં આવ્યા હતા. મરહુમ મી. વીરચંદ રાઘવજી ગાંધીએ ત્યાં શું કીધું, તે આપથી વિદિત છે, પણ પ્રસંગોપાત મારે પરમપૂજ્ય આત્મારામજીમહારાજ સંબંધમાં કહેવાનું હોવાથી ચીકાગોની Parliament of Religious પરમપૂજ્ય શ્રી આત્મારામજી મહારાજ સંબંધમાં મજકુર ચોપડી જેનું નામ, "Tүe World's Parliament of Religions" છે, તેમાં મજકુર મહારાજ સાહેબનો ફોટોગ્રાફ આપવા સાથે નીચે પ્રમાણે તેઓશ્રી સંબંધમાં વર્ણન કરે છે:—

"No man has peculiarly identified himself with the interests of the Jain Community as Muni Atmaramji. He is one of the noble hands sworn from the day of initiation to the end of liye, to work day and night for the high mission they have undertaken. He is the high Priest of the Jain Comunity and is recognised as the highest living authority on Jain Religion and literature by Oriental scholars."

મહારાજ સાહેબ માટે મજકુર શબ્દો ઉપરથી સહેલમાં સમજી શકાશે કે તેઓ કેટલા જબરદસ્ત વિદ્વાન અને કેટલે મોટે દરજ્જે દુરદેશાવરોમાં પણ લોકપ્રિય હતા. મહારાજ સાહેબ આ સિવાય અનેક પ્રકારની ધાર્મિક પૂજાઓ વગેરે રચવામાં અતિ કુશળ હતા, અને તેથી તેઓને ઉત્તમ કવિઓની સંફમાં પણ મુકી શકાય, પંજાબ જેવા દેશમાં પંદર હજાર માણસોને તેઓએ જૈન બનાવવાનો જે અતિ સફળ પ્રયાસ કીધો, અને તેમાં તેઓ સંપૂર્ણ રીતે ફતેહમંદ થયા. તે બીના તેઓશ્રીની અતિ ઉત્તમ કાર્યકુશળતા અને વિદ્વતા પૂરવાર કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારા પછી મારા અતિ વિદ્વાન મિત્ર પંડિત હુંસરાજ શર્માને આ સંબંધમાં વિવેચન કરવાનું હોવાથી અને આપ તમામ તેઓનું ભાષણ શ્રવણ કરવાને માટે ઉત્સાહી અને આતુર હોવાથી, " Make way for honester geutlemen " તદનુસાર હું અત્રેજ વિરમીશ.

એ રીતે શેઠ છોટાલાલે પોતાનું સ્થાન લીધા પછી શાસ્ત્રીજી હંસરાજ શર્માએ એક કલાક સુધી ઘણું છટાદાર ભાષણ કરી શ્રોતાવર્ગનું દિલ એવું કરી લીધું કે પંડિતજી બંધ ન રહે બોલતાજ રહે તો ઠીક પણ સમયાભાવે તેમ થવું અશક્ય જાણી બધાને સંતોષ પકડવો પડયો* ત્યારપછી મુનિશ્રી વિમળવિજયજીએ એક અપૂર્વ આનંદપ્રદ રૂપક બનાવી શ્રોતાવર્ગને પોતાના સન્મુખ એકાગ્ર કરી પોતાનું ભાષણ શરૂ કર્યું.

## " मुनि श्री विमलविजयजीनुं भाषण. "

**पूज्यपाद मुनिवरो! सद्ग्रहस्थो सुशीलाबेनो!**

आज क्या है ? यह धूमधाम कैसी ? इसका संक्षेपसे उत्तर यही है कि जो आप विज्ञप्ति पत्रसे जान चुके हैं। इतनाही नहीं, किन्तु—कई मुनिवरोंने तथा कई ग्रहस्थोंने अपने व्याख्यानसे आपको सब कुछ विदित कर दिया है कि उसी महात्माके निर्वाणमहोत्सव का दिन है जिसने इस बीसवी सताब्दीमें अपने महान पूर्वजोंका अनुकरण कर बतलाया.

महानुभावो ! श्रीमान् आत्मारामजी महाराजके जीवनचरित्रमेंसे मैंने १७२ पाठ चुने हैं. उन सबको यदि सुनाने लगुं तो कई घंटेके बदले कई दिन चाहिये परंतु मैं इसवक्त केवल उनमेंसे दो पाठ आपके सामने रजू करता हुं वें पाठ केवल सुननेके अलावा अमल करने लायक हैं.

( १ ) सबसे बड़ा पाठतो मुझे आपके जीवनचरित्रसे यह मिलता है कि, **जैन धर्मका इतिहास मारा इतिहास नहीं** याने अपने जितने आचार्य होगए उन्हींकी तरह आप भी हुए हैं. परंतु बात इतनी ही है कि, वे स्वयं इतिहासकी सामग्री होकर आप स्वयं इतिहासरूप होगए ? तो इसी बातको लेकर हमें तुम्हेभी बातेसवत जैनधर्मका इतिहास अपना नेक

* શાસ્ત્રીજીનું તથા પ્રમુખ સાહેબ મહારાજશ્રી વલ્લભવિજયજીનું ભાષણ લાંબું હોવાથી સ્થાનાભાવે હવે પછીના અંકમાં આપવામાં આવશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्वयं उसकी सामग्री होकर इतिहास बननेकी आवश्यक्ता है–आवश्यक्ता ही क्यों ? नहीं नहीं **स्वयं जैन धर्मका इतिहास बनजाना चाहिए—** आपके जीवनमेंसे यह २३ वा पाठ है।

(२) आप जिस समय ढुंढक पंथसे जैन धर्ममें आए और सत्य उपदेश देने लगे उस समय आपको बडी बडी कठिनाईयोंका सामना करना पडाथा. यदि कोई ऐसा वैसा होता तो अपना डंड कमंडल उठाकर रफू चक्कर हो जाता! परंतु आगमें तपते हुए सुवर्णकी अधिक चमक बढती है उसी तरह अनेकानेक आपत्तियोंके पडनेसे आपकी श्रद्धा धर्मदृढता इतनी तो अधिक बढ गई कि उन आपत्तियोंको और आपत्तियोंके जनेताओंको सामने आनेकी तो क्या ? परंतु झांकने तककी भी ताकत न रही. **सत्यका जय हुआ** बस आपके जीवनमेंसे यह २५ वां पाठ मिलता है कि—

सपदि विलयमेतु राज्य लक्ष्मीः, उपरि पतत्वथवा कृपाणधाराः ।
अपहरतु तरां शिरः कृतान्तो, ममतु मतिर्नमनागपैतु धर्मात् ॥

बस ऐसे धीर वीर गंभीर महात्मा इस शताद्धीमें एक आप ही हुए हैं.

ઇત્યાદિ વિવેચન કરી મહારાજશ્રીએ શ્રી રત્નપ્રભસૂરિ–શ્રી હરિભદ્રસૂરિ–શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ આદિ પૂર્વ મહર્ષિઓની સાથે ઉપકારપરાયણતાની સરખામણી યોગ્ય રીતિથી કરી બતાવી સમયાભાવને લઈ પોતાનું આસન અલંકૃત કરી લીધું. એ પછી મહારાજ શ્રી વલ્લભવિજયજીએ ઉપસંહારરૂપ વિવેચન કરી મરહૂમ પૂજ્યપાદ જૈનાચાર્ય શ્રી ૧૦૮ શ્રીમદ્ વિજયાનંદસૂરિ (આત્મારામજી) મહારાજના જીવનમાંથી સારભૂત કેટલીક વાતો જણાવતાં જુનાગઢના સુપ્રસિદ્ધ મરહૂમ દાક્તર સાહેબ ત્રિભુવનદાસ મોતીચંદની તસબીર તરફ ઈસારો કરી મહારાજ સાહેબના ઉપર દાક્તર સાહેબ કેહવી ગુરૂબુદ્ધિ હતી, તેનું દિગ્દર્શન કરાવી હર્ષનાદની સાથે પોતાનું સ્થાન લીધું હતું.

બાદમાં ગુરૂગુણ ગાયન થયા પછી શ્રી મહાવીરસ્વામીની તથા મરહૂમ ગુરૂમહારાજની જય બોલાવી સભાનું કાર્ય સમાપ્ત કરવામાં આવ્યું હતું. બપોરે શ્રી મહાવીરસ્વામીના દેરાસરમાં મરહૂમની બનાવેલી સત્તરભેદી પૂજા ઘણા ઠાઠથી ભણાવવામાં આવી હતી. રાત્રે ભાવના પણ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરનો વાર્ષિક મહોત્સવ અને જયંતી.

ચાલતા જેઠ સુદી ૭ ના રોજ ભાવનગરમાં આ સભાની વર્ષગાંઠ નિમિત્તે અને જેઠ સુદી ૮ ના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર સ્વર્ગસ્થ મહાત્મા શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજ ) ની સ્વર્ગવાસ તીથી નિમિત્તે નીચે મુજબ મહોત્સવો કરવામાં આવ્યા હતા.

શ્રી જૈન આત્માનંદ સભાને સ્થાપન થયા વીશ વર્ષ પુરા થઇ એકવીશમું વર્ષ શરૂ થવાથી આ માસની સુદી ૭ ના રોજ સભાની વર્ષગાંઠ હોવાથી આ ઉત્તમ પ્રસંગને માટે પ્રથમ આમંત્રણપત્રિકાઓ છપાવી બ્હારગામના મેમ્બરોને મોકલવામાં આવી હતી.

જેઠ સુદી ૭ ના રોજ દર વર્ષ મુજબ વાર્ષિક મહોત્સવ, સભાના મકાનને ધ્વજા, પતાકા, તોરણોથી શણગારી તેમાં પ્રથમ સ્વર્ગવાસી પૂજ્યપાદ ગુરૂરાજશ્રીની છબી પધરાવી વાસક્ષેપથી સર્વે સભાસદોએ સવારના સવાઆઠ વાગે ગુરૂ પુજન કર્યું હતું, ત્યારબાદ નવ વાગે પ્રભુને પધરાવી મર્હુમ આચાર્ય મહારાજશ્રીકૃત સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી હતી. જે વખતે મેમ્બરો ઉપરાંત અન્ય ગ્રહસ્થોએ પણ સારી સંખ્યામાં હાજરી આપી હતી. અત્રે બીરાજમાન સાધ્વીજી મહારાજશ્રી લાભશ્રીજીના ઉપદેશથી બપોરના શ્રાવિકાવર્ગે પણ પૂજા ભણાવી હતી. તથા બપોરના વોરા હઠીસંગભાઇ ઝવેરચંદના તરફથી આવેલ રકમના વ્યાજમાંથી તેમજ તુટતા રૂપીયાનું મેમ્બરોની થયેલ ફંડમાંથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જેઠ સુદી ૭ ના રોજ બપોરની લોકલ ટ્રેઇનમાં શ્રી જૈન આત્માનંદ સભાના સુમારે ૬૦ મેમ્બરો શ્રી સિદ્ધાચલજી ગયા હતા.

જેઠ સુદી ૮ ના રોજ સવારના પ્રથમ ડુંગર ઉપર મોટી ટુંકમાં જ્યાં સ્વર્ગવાસી ઉક્ત મહાત્માની મૂર્તિ સ્થાપન કરવામાં આવેલી છે, ત્યાં પ્રથમ સ્તુતિ કરવા સાથે વાસક્ષેપથી પૂજા કરવામાં આવી હતી અને તેજ દિવસે ગીરીરાજ ઉપર શ્રી આદિશ્વર ભગવાન, શ્રી પુંડરિકજી મહારાજ, શ્રી શાંતિનાથજી મહારાજ, પાદુકા અને આત્મારામજી મહારાજની મૂર્તીને સુંદર આંગી રચવામાં આવી હતી અને યાત્રા, પૂજા, ભાવના વીગેરે ઉત્તમ કાર્યો કરવામાં આવ્યાં હતાં.

ત્યારબાદ મોટી ટુંકના ચોકમાં શ્રીમાન મુનિમહારાજ શ્રી વલ્લભવિજયજી કૃત નવાણું પ્રકારી પુજા ભણાવવામાં આવી હતી. અને નીચે શહેરમાં સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉત્તમ કાર્ય માટે રૂ. ૫૧) શેઠ જીવણભાઇ જેચંદ ગોઘાવાળાના આંગી નિમિત્તે તથા રૂ. ૨૫) શેઠ નેમચંદભાઇ પીતાંબરદાસ શ્રી મીયાગામવાળાના સ્વામિવાત્સલ્ય માટે ભેટ આવ્યા હતા.

---

## વડોદરામાં પરમપવિત્ર જૈનાચાર્ય શ્રીમદ આત્મારામજી મહારાજનો ઉજવવામાં આવેલો એકવીસમો વાર્ષિક નિર્વાણ મહોત્સવ.

જેઠ સુદી ૮ ને શુક્રવારના સવારના બરાબર આઠ વાગે કાર્યક્રમ પ્રમાણે જાનીશેરીમાં આવેલા ઉપાશ્રયે, પરમપૂજ્ય શ્રીમદ્ **પ્રવર્તકજી કાંતિવિજયજી મહારાજ** સાહેબના પ્રમુખપણા નીચે એક ભવ્ય મેળાવડો થયો હતો, જે વખતે શહેરના, રાવપુરાના અને બાબાજીપુરાના દરેક સ્ત્રી પુરૂષોથી હોલ ચીકાર ભરાઈ ગયો હતો. વખત થતાં શરૂઆતમાં પ્રવર્તકજી સાહેબની આજ્ઞા પૂર્વક શ્રી આદિજીન મંડળ તરફથી કેટલાક યુવકો તથા બાળકોએ, તેમના મધુર અવાજથી પ્રભુની સ્તુતિ સંગીતના વિધવિધ જાતના વાદ્યો સાથે ગાઈ, હોલ ગર્જાવી મુકયો હતો. ત્યારબાદ મર્હુમ આચાર્ય મહારાજશ્રીની સ્તુતિ કરી, કેટલાક સ્ત્રી પુરૂષોએ વાસક્ષેપથી પૂજન કર્યું હતું. ત્યારબાદ ગાયનશાળાના છોકરાઓએ કરૂણા રસમાં મહારાજજી સાહેબના વિરહના કેટલાંક કાવ્યો તથા ગાયનો ગાઈ, પ્રેક્ષકવર્ગને તેઓશ્રી પ્રત્યે તલ્લીન કરી દીધા હતા. તે પછી ભોજક ગોપાળે શ્રી પ્રવર્તકજી માહારાજની આજ્ઞાથી માહારાજજી સાહેબની ત્રોટક છંદમાં શ્રી વલ્લભવિજયજી માહારાજે રચેલી સ્તુતિ ઉસ્તાદી રાગમાં ગાઈ, શ્રોતાઓમાં ઘણો આલ્હાદ ઉત્પન્ન કર્યો હતો. સંગીતનું કામ સમાપ્ત થઇ રહ્યા બાદ પ્રવર્તકજી મહારાજે મંગળાચરણ કરી જયંતી ઉજવવાનું કારણ, આપણે તેમની જયંતિ શા માટે ઉજવીએ છીએ વિગેરે બાબતોનું દાખલા દલીલો સાથે ઘણું સારૂં સ્પષ્ટિકરણ કર્યું હતું. તેઓશ્રીએ જણાવ્યું હતું કે એક રીતે જોતાં તો આપણને દીલગીરી થવી જોઇએ, કારણ કે તેઓશ્રીનો સ્વર્ગવાસ થયેથી આપણને એક મહાન વીરનરની ખોટ પડી છે; તેમજ બીજી રીતે જોતાં તેમનો સ્વર્ગવાસ થએલો હોવાથી સ્વર્ગના દેવોને તો અપૂર્વ આનંદ થયો છે, અને આપણને પણ, ત્યાં આગળ તેઓ મહાત્મા ધર્મની વિજય–પતાકા વધુ ફરકાવશે એથી વિશેષ આલ્હાદ થાય છે. આ વિષય ઉપર ઘણુંજ સારૂં વિવેચન કરી જયંતિના ઉદ્દેશો સમજાવવામાં આવ્યા હતા. ત્યારબાદ જેમની જયંતિ ઉજવવામાં આવે છે, તેમનું ચરિત્ર પણ આપણે જાણવુંજ જોઇએ. ગુણોનું આકર્ષણ ચરિત્ર સાંભળવાથી જલદી થઈ શકે છે. મહારાજજી સાહેબનું ચરિત્ર એટલું બધું બોધદાયક અને રસીલું છે કે તે સાંભળવાની દરેકને વખતોવખત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર છે, તેથી તેઓશ્રીનું ચરિત્ર સંક્ષિપ્તમાં, મુનિશ્રી **જીનવિજયજી** કહી સંભળાવશે એવી પ્રવર્તકજી સાહેબની આજ્ઞા થતાં શ્રી **જીનવિજયજી** મહારાજે, માહારાજજી સાહેબનું ચરિત્ર ઘણુંજ સ્પષ્ટ અને ઉત્તમ રીતે વિવેચન કરી સંભળાવ્યું હતું. માહારાજજી સાહેબના કેટલાક અપૂર્વ ગુણોનું બ્યાન, ઘણીજ અસરકારક ભાષામાં કર્યું હતું, જે ગુણોની ટુંક હકીકત નીચે પ્રમાણે આપવામાં આવેલી હતી.

મહારાજજી સાહેબમાં એકતો સત્યનો મહાન ગુણ હતો. તેઓશ્રી સત્યનેજ ગ્રહણ કરવાવાળા હતા. તેઓ સાહેબનું ઢુંઢક મતમાં અપૂર્વ માન હતું, અને એક મહાન વેત્તા તરીકે તેઓ લેખાતા હતા; તોપણ સત્યના માટે તેની લેશ માત્ર પણ દરકાર ન રાખતાં ઢુંઢક મતનો ત્યાગ કરી સંવેગી માર્ગની દિક્ષા ગ્રહણ કરી હતી. આ આપણને શું સુચવે છે? તેઓશ્રી ', ખરૂં તેજ મારૂં " એમ માનતા પણ " મારૂં તેજ ખરૂં " એવા આગ્રહથી બાપના કુવામાં ડુબી મરે તેવા નહોતા. તેમનો બીજો મહાન ગુણ એ તેમની શાંતતા હતી. કોઇપણ અન્યધર્મી ગમે તેવો સવાલ પુચ્છે તો તેઓશ્રી ધીરેથી સમજાવીને ઉત્તર આપતા અને તેના મનનું સંપુર્ણ રીતે સમાધાન કરતા. આ ગુણ એક મુસલમાન સાથે થએલા વાર્ત્તાલાપનો દાખલો આપી ઘણી સારીપેઠે સમજાવ્યો હતો. તેઓશ્રીની વિદ્વતા અને લેખની શક્તિ માટે ભલાભલા વિદેશી સાહેબો અને વિદ્વાન પંડિત વર્ગના સમુદાયને ઘણું માન હતું, અને તે તેઓ તરફથી લખાઇ આવેલા પત્રોથી તેમજ માહારાજજી સાહેબના લખેલા ગ્રંથો જેવા કે જૈન તત્વાદર્શ, અજ્ઞાન તિમિર ભાસ્કર, તત્વનિર્ણય પ્રાસાદ; સમ્યક્ત્વ શલ્યોદ્ધાર, જૈન પ્રશ્નોત્તર અને ચીકાગો પ્રશ્નોત્તરથી સુવિદિત કરવામાં આવ્યું હતું. માહારાજજી સાહેબ સમયને પણ ઘણી સારીપેઠે ઓળખવાવાળા હતા. જે વખતે મર્હુમ વીરચંદ રાઘવજી ગાંધી બી. એ. ને અમેરીકા, સર્વ ધર્મની પરિષદમાં માહારાજજી સાહેબે તૈયાર કરી મોકલ્યા, ત્યારે સમુદ્ર પર્યટન માટે મુંબઇનો સંઘ ખળભળી ઉઠ્યો, અને કેટલાક તો કહેવા લાગ્યા કે ગાંધીને અમેરીકાથી આવ્યાપછી સંઘ બહાર મુકવા જોઇએ; પણ મહારાજજી સાહેબની સમયસુચકતા અને સદુપદેશથી સર્વ લોકો શાંત થઇ ગયા. તેઓ સાહેબે જણાવ્યું હતું કે હવે જમાનો બદલાયો છે. તમારા બાપદાદા બંડીઓ અને અંગરખાં પહેરતા હતા. આજકાલ તમે તો ખમીસ અને કોટનો પહેરવેશ પહેરો છો તમોએ તમારાજ હાથે તમારો અસલનો પહેરવેશ કેમ બદલ્યો છે? તેવીજ રીતે પહેલાં પશ્ચિમ દેશોના લોકો અનાર્ય હતા, ધર્મ શી વસ્તુ છે તે તેઓ બીલકુલ જાણતા નહોતા પણ હવે, જ્યારે તેઓ ધર્મને આપણી પાસેથી ઓળખવા માગે છે ત્યારે જો આપણે તેઓને ખરા ધર્મથી વાકેફ નહિ કરીએ તો ધર્મની બીજી કઇ ઉન્નતિ આપણે કરવાના છીએ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારપછી પંડિતજી સુખલાલજીએ લગભગ પોણો કલાક સુધી ઘણીજ સરળ ભાષામાં મહારાજજી સાહેબના ગુણોનું ટાંચણ કરી બતાવ્યું હતું અને તેમાં કેળવણીના વિષય ઉપર તેમણે ઘણું વિવેચન કર્યું હતું. પંડિતજીનું ભાષણ થઈ રહ્યા બાદ વકીલ મી. નંદલાલભાઇએ કેળવણી સંબંધમાં કેટલોક ખુલાસો કર્યો હતો. અત્રે શ્રી આત્મારામજી પાઠશાળા સ્થાપવામાં આવેલી છે અને ત્યાં જૈનોના દરેક બાળકને ધાર્મિક તથા સંસ્કૃત જ્ઞાન આપવામાં આવે છે, તો પણ મારે એટલું તો કબુલ કરવુંજ પડશે કે જેટલા ઉત્સાહથી માબાપ પોતાના બાળકને નિશાળમાં ભણવા મોકલે છે, તેનો સોમા હિસે પણ આ સંસ્થામાં તેમના છોકરા ભણવા મોકલવા માટે કેટલાક ભાઇઓ ધ્યાન આપતા નથી. પણ હવેથી હું ધારૂં છું કે દરેક ભાઇઓ પોતાના બાળકોને ભણવા મોકલશે અને શાસ્ત્રી વિગેરેના માટે થતા ખર્ચનો રીતસર બદલો લેશે. ત્યારબાદ છેવટે ઉપસંહાર તરીકે પ્રવર્ત્તકજી માહારાજ સાહેબે ભાષણ કરતાં જણાવ્યું હતું કે અહીંનો ઉછરતો યુવાન વર્ગ ધાર્મિક તેમજ આર્થિક કેળવણીમાં ઘણોજ પછાત છે. તમારી કોમમાંથી એકાદ બી. એ. થએલો તો બતાવો ? એટલું તો તમો ખચ્ચીત યાદ રાખજો કે તમારી હવેલી ગમે તેટલી મજબુત હશે, પણ જો તેમાંથી એક ઇંટ ખરી પડી અને તેના તરફ તમો દુર્લક્ષ રાખશો, તો ધીમે ધીમે થોડા વખતની અંદર હવેલીનો નાશ થઈ તેનું નામ નિશાન પણ રહેશે નહિ; તેવીજ રીતે જો તમો તમારા બાળકોને શરૂઆતમાં ધાર્મિક તથા વ્યવહારિક જ્ઞાન આપવામાં બેદરકાર રહેશો તો, વખત એવો આવશે કે તમારા છોકરાઓને એક છ રૂપીઆના મહિનાની નોકરી પણ મળવી મુશ્કેલ થશે. આવી તમારી નિર્બળ પ્રજા થશે તો ધર્મના કાર્યો શું કરી શકવાની છે. ભલેને તમારી પાસે હજારો રૂપીઆના ફંડો હોય, અને શાહુકારોને ત્યાં ખાતાં અગર જમે રૂપીઆ રાખ્યા હોય, પણ જો તમારી વૃત્તિ કેવળ વ્યાજ ખાવાની હોય તો એટલું યાદ રાખજો કે વ્યાજ ખાવા જતાં કોઈ સ્પીશી બેંક જેવી રાક્ષસી સંસ્થા તમારી મુડીનું ભક્ષણ કરી ના જાય અથવા કોઇ શાહુકાર દેવાળુ કાઢી શબ્દના અર્થ પ્રમાણે ખાતું એટલે જાણે તે રૂપીઆ એણેજ ખાવાના હોય તેમ અગર શાહુકારને ત્યાં જમે એટલે જાણે શાહુકારનાજ માણસો જમવાના હોય તે પ્રમાણે તમારી મુડી તેઓ ઓઇયાં કરી ના જાય. (હસાહસ) જો તમો રૂપીઆ ખરચશો તો જોઇએ તેટલા મળી આવશે, પણ બાંધી રાખી તીજોરીમાં ભેગા કરશો તો એક વખત એવો પણ આવશે કે તીજોરી સાથે તમારી સંઘરી રાખેલી મુડીનો નાશ થશે. આપણા લોકો ન્યાતવરા, વરઘોડા અને કજીઆ કંકાસ લઢવામાં હજારો રૂપીઆના ધૂમાડા કરે છે. જો આ ખર્ચોને બદલે કેળવણી પાછળ તેમાંથી કાંઇક ખર્ચ કરવામાં આવે તો કેટલો બધો લાભ મળે ? આપણો આધાર આપણા ઉછરતા યુવાનવર્ગ ઉપરજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. જો એ વર્ગને સારી પેઠે કેળવીશું તો મોડા યા વહેલા શાસનની શોભા દીપાવશે. તમો ગમે તેટલાં મંદિરો, ઉપાશ્રયો, પાઠશાળા અને ઉજમણાં કરો પણ જ્યાંસુધી તમારા સ્વામિભાઇઓની સ્થિતિ ઉંચા પ્રકારની થઈ નથી ત્યાંસુધી બાકીના છ ક્ષેત્રોને કોણ સંભાળી શકનાર છે ? વાસ્તે દરેક ભાઇઓનું પ્રથમ કર્ત્તવ્ય એ છે કે પોતાની ઉછરતી પ્રજાને પુરતી રીતે કેળવણી મળે અને શાસનની શોભાને તેઓ દીપાવે. આ પ્રમાણે ભાષણ થઇ રહ્યા બાદ ગાયનશાળના છોકરાઓએ એક ભજન ગાઇ મેળાવડો " શ્રી આત્મારામજી માહારાજના જયઘોષ બોલાવી લગભગ સાડા અગીઆર વાગે વિસર્જન થયો હતો. મેળાવડો વિસર્જન થતી વખતે મુનિશ્રી હંસવિજયજી વિરચિત " તપ તિથિ માણિક્યમાળા " એ નામની બુક મણીલાલ દલપતભાઈ તરફથી વહેંચવામાં આવી હતી.

બપોરના બે વાગે ચૌટાઓએ આવેલા શ્રી આદિશ્વર ભગવાનના દહેરે ઘણા ઠાઠમાઠથી સતરભેદી પુજા ભણાવવામાં આવી હતી. પૂજાની અંદર જુદાં જુદાં વાજીંત્રો હોવાથી ઘણોજ આનંદ આવ્યો હતો. પૂજાની અંદર પ્રવર્ત્તકજી મહારાજ સાહેબ, અન્ય મુનિરાજો અને કેટલાક ગૃહસ્થોએ લાભ લીધો હતો. રાતના દહેરાસરની અંદર સુંદર લાઇટ તથા આંગી તેમજ મહારાજજી સાહેબની મુર્તિને પણ સુંદર આંગી રચવામાં આવેલી હોઇ, ભાવના ભાવવામાં આવી હતી.

## ખંભાતમાં ઉજવાયેલ જયંતિ.

(૧)

ગયા જેઠ શુદી ૮ ના રોજ ન્યાંયાભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરી મહારાજની સ્વર્ગવાસ તિથિ હોવાથી ખંભાત જૈનશાળાના મકાનમાં મહોપાધ્યાય શ્રીમદ્ વીરવિજયજીના શિષ્ય પન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજના પ્રમુખપણા નીચે સવારમાં ૮ વાગે એક મેળાવડો ભરવામાં આવ્યો હતો. જેમાં સ્ત્રી પુરૂષોની મોટી સંખ્યાએ હાજરી આપી હતી. સભા વચ્ચે મહારાજ સાહેબનો રંગીન ફોટો મૂકવામાં આવ્યો હતો. કાર્યારંભે મંગળાચરણ થવા પછી મી. ચીમનલાલ પરશોતમદાસે મેળાવડો ભરવાનો હેતુ, મહાત્મા કોને કહેવા, જયંતી કોની ઉજવી એ વિષય ઉપર વિવેચન કર્યું હતું. ત્યારબાદ કવિ દયાશંકર રવિશંકરે જયંતીનો અર્થ કર્યો હતો. તેમાં જયંતીના બે પ્રકાર ( જન્મ જયંતી અને અવસાન જયંતી ) વિષે સમજાવતાં જણાવ્યું કે–હાલમાં અવસાન જયંતી ઉજવવી હોય તેના સદ્ગુણો, સૌજન્ય અને પરોપકારી કામો આપણા ધ્યાનમાં આવે છે. જે મહાત્માની જયંતી આપણે ઉજવવા ભેગા થયા છીએ તે મહાત્માનું નામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજયાનંદસૂરિ એટલે જેણે વિજય સાથે આનંદ મેળવ્યો છે, બીજું નામ આત્મારામજી એટલે જેણે આત્મા સાથે આરામ મેળવ્યો છે, એવા મહાત્માની જયંતી ઉજવવી એ પ્રસંશનિય છે. ત્યારબાદ કાવ્યરૂપે એક અસરકારક યશોગાન તે મહાત્માનું કર્યું હતું. અને જૈન રત્ન વ્યાખ્યાન વાચસ્પતિ મુનિ શ્રી લબ્ધિવિજયજીની ઓળખાણ કરાવી હતી. ત્યારબાદ પન્યાસજી દાનવિજયજીએ પોતાનું ભાષણ કર્યું હતું અને પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે એ મહાત્માનું એટલું અગાધ જ્ઞાન હતું કે જૈન મતના હાલના બધા સાધુનું જ્ઞાન એકત્ર કરવામાં આવે પણ એમના જ્ઞાનના તોલે આવે નહીં. તેઓએ જૈન મતની બધી શાખાઓનું અને દરેક ધર્મોનું મનન કર્યું હતું, તે તેમના હાલના ગ્રંથો ઉપરથી મોજુદ છે. તેઓનાં અગાધ જ્ઞાનને લીધે ડો. મોક્ષમુલરની મારફતે બ્રીટીશ સરકાર તરફથી જૈનમાં એક મહાત્મા તરીકે કેટલાક ગ્રંથ ભેટ મળ્યાં છે જેનું વજન પોણા બે મણ છે. અને જેમના પ્રયાસથી પંજાબમાં ઘણા શ્રાવકો બન્યા છે અને જૈન મતનો જે વાવટો ફરકે છે તે બધો પ્રતાપ તે મહાત્માનો જ છે. ત્યારબાદ આચાર્ય શ્રીમદ્ વિજયકમળસૂરીજીના શિષ્ય જૈન રત્ન વ્યાખ્યાન વાચસ્પતિ મુનિશ્રી લબ્ધિવિજયજીએ તે મહાત્માનું જીવનચરીત્ર પ્રથમથી છેડે સુધી કહી બતાવ્યું હતું. તેમનો જન્મ, દીક્ષા, સ્વર્ગવાસ એ બધાનું અસરકારક બ્યાન કર્યું હતું, અને તેમની ધૈર્યતા, ગંભીરતા, બીજા ધર્મના વાદીઓને સમજાવાની યુક્તિઓ અને પોતાના રાગી બનાવવાની અથાગ શક્તિનું બ્યાન કર્યું હતું, અને કહ્યું હતું કે એ મહાત્માનું જીવનવૃત્તાંત પૂરેપૂરૂં કહેવાને અશક્ત છું, અને મહીના વીતી જાય તો પણ હું કહી શકું નહીં. ત્યારબાદ મુનિશ્રી ગંભિરવિજયજીએ આપણે પણ તે મહાત્માના જેવા શી રીતે થવું કે જેથી આપણા તેવાજ યશોગાન ગવાય. તે સંબંધે જણાવવા પછી સભા વિસર્જન થઈ હતી. બપોરે રથજાત્રાનો દબદબા ભરેલો મ્હોટો વરઘોડો કાઢવામાં આવ્યો હતો અને જીરાળાપાડાના મોટે દેરે પૂજા ભણાવી હતી.

## (૨) ખંભાત.

આજે (જેઠ શુદ ૮) શ્રીમદ્ આત્મારામજી મહારાજના નિર્વાણ દિવસે હોવાથી શેઠ અંબાલાલ પાનાચંદની જૈન ધર્મશાળાને વાવટા અને તોરણથી અત્યંત આકર્ષક બનાવવામાં આવી હતી કે જ્યાં રાત્રે જયંતીનો મેળાવડો થતાં જેમાં આશરે ૫૦૦. ૬૦૦ સ્ત્રી પુરૂષોએ હાજરી આપી હતી. કાર્યના પ્રારંભમાં "શ્રી મોહનલાલજી પાઠશાલા"ના વિદ્યાર્થીઓએ પ્રભુસ્તુતિ મનોહર ડ્રેસમાં સજ્જ થઈ મધુર કંઠે ગાઈ સંભલાવવા પછી સભાનું પ્રમુખપદ અત્રેના નગરશેઠ વેણીભાઈ દીપચંદને આપવામાં આવ્યું હતું. ત્યારબાદ રા. રા. ગફુરભાઈ છોટા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાલ મોદીએ જયંતિ ઉજવવાના હેતુઓ, તેની સાફલ્યતા અને જયંતિ પ્રસંગે કરવાનાં આવશ્યક પરોપકારી કર્યો વિગેરે કહી સંભળાવ્યા હતા. અને ત્યારબાદ રા. રા. વકીલ મોહનલાલ નગીનદાસ હાઇકોર્ટ પ્લીડરે પરમોપકારી પૂજ્યપાદાચાર્યશ્રીનું જીવનવૃત્તાંત, જૈન શાસન ઉપર કરેલો અગણીત ઉપકાર અને ધર્મને અર્થે ઉઠાવેલો અથાગ પરિશ્રમ વિગેરેનું વિદ્વત્તાપૂર્ણ વિવેચન કરી શ્રોતાઓના મન પ્રસન્ન કરી દીધાં હતાં. ત્યારબાદ રા. રા. શકરાભાઇ અમરચંદ કાપડીઆએ ટુંક વિવેચન કર્યા બાદ મી. ભોગીલાલ સાકલચંદે ગુરૂ સ્તુતિ વાજા સાથે ગાઇ બતાવી હતી. અત્રેની હાઇસ્કુલના હેડમાસ્તર સાહેબ ભોગીલાલ નગીનદાસ એમ. એ. એસ. ટી. સી. ડીએ. ઉપસંહાર કરતાં આચાર્યશ્રીએ આપણા અનાદિ મહાન ધર્મને અન્ય ધર્માનુયાયીઓના આક્ષેપમાંથી સદાને માટે મુકત કર્યા છે. તથા યુરોપ અમેરિકાદિ દેશોમાં ધર્મ ફેલાવવા સારૂં કેટલો પરિશ્રમ સહન કરેલો છે તેનું યથાસ્થિત વર્ણન આપ્યું હતું. જયંતિનું કાર્ય સમાપ્ત કરતાં પહેલાં પંડિત મણીલાલ પોપટલાલે ભાષણ આપ્યું હતું. ત્યાદબાદ રા. રા. દીપચંદ પાનાચંદ માસ્તરે પ્રમુખ સાહેબના તરફથી ટુંક વિવેચન કરી સભાનો આભાર માની વિદ્યાર્થીઓને મીઠાઇ વ્હેંચવા પછી મેળાવડો બરખાસ્ત થયો હતો.

---

## રતલામમાં ઉજવાયેલ જયંતી.

આ વરસે શ્રીમદ્ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજના શિષ્ય મુનીશ્રી કુસુમવિજયજી અત્રે બીરાજે છે, તેમના ઉપદેશથી આ વરસે આચાર્યશ્રી વિજયાનંદ સૂરીશ્વરજીની જયંતિ ઉજવવાનો અત્રેના સંઘ તરફથી પ્રથમથી નિર્ણય કરવામાં આવ્યો હતો. જેઠ શુ. ૮ ના રોજ આ જયંતિ ઉજવવામાં આવી હતી. મંદસોર વિગેરે નજીકના ગામોના ગૃહસ્થોએ તેમાં ભાગ લીધો હતો. સવારે આખો સંઘ વ્યાખ્યાનશાળામાં એકઠો થયો હતો. અને મુનિશ્રી કુસુમવિજયજીએ આત્મારામજી મહારાજનું “ જીવન ચરિત્ર ” બહુજ અસરકારક શબ્દોમાં વર્ણવી બતાવ્યું હતું. સાથે સાથે સંસારની અસારતા, વિનય ગુણની પુષ્ટિ, વિગેરે ઉપર પણ મહારાજસાહેબે વિવેચન કર્યું હતું. વળી રાત્રે ઉપાશ્રય પાસેની ધર્મશાળામાં શ્રી આત્મારામજી મહારાજની છબી પધરાવી ત્યાં આગળ ભાવના કરવામાં આવી હતી. તે વખતે પણ રતલામના સંઘના બધા આગેવાનો હાજર હતા.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ईंदोरमें उजवायेल जयंती.

जैठ सुदि ८ शुक्रके रोज ईंदोर शहेरके अंदर खजुरी बजारमें सडकके उपर श्री युत हिरालालजी वाला भव्यमकानमें श्रीविजयानंदसूरीश्वरजी ऊर्फे श्री आत्मारामजी माहाराजकी विजयजयंती उजवनेमें आई. प्रारंभमें मुनिश्रीकर्पूरविजयजीने श्री विजयानंदसूरि अष्टकके काव्य तथा अच्छे अच्छे छंद सुणायेथे, तदनंतर गुरुमाहाराज श्रीमान् हंसविजयजी माहाराज साहेबने श्री विजयानंदसुरीश्वरजीका जीवनवृतान्त संबंधी व्याख्यान वैराग्यरससें भरपूर प्रभावशाली सुणागाथा. छेवटमें पन्यासजी श्रीसंपतविजयजी माहाराजने " स्वर्गे गये झटपटमें " वगेरे वैराग्यजनक सूरीश्वरके गुणगर्भित कीतेनक गायन सुणायेथे. आखीरमें गुरु घंटालका पुस्तककी प्रभावना लेकर सभा विसर्जन हुईथी. उसरोज देवलमें बडी पूजा भणानेमें तथा अंगी रचना करानेमें आईथी तथा रात्रीमें व्याख्यानशालाके अंदर धर्म जागरण हुवाथा.

---

## પુનામાં ઉજવાયેલ જયંતી.

મુનિમહારાજ શ્રી દોલતવિજયજીના સદુપદેશથી જેઠ શુદી ૮ ને વાર શુક્રવારના દીવસે જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરી ( આત્મારામજી ) મહારાજનો એકવીશમો નિર્વાણોત્સવ અત્રે ઉજવવામાં આવ્યો હતો. તે દિવસે શા. મનસુખલાલ દયાળજી તરફથી પૂજા, પ્રભાવના, આંગી વિગેરે અતિ ધામધુમથી કરવામાં આવ્યાં હતાં. તેમજ પુના સીટીમાં પણ મુનિમહારાજ શ્રી રાજવિજયજીના ઉપદેશથી પૂજા ભણાવવા વિગેરે કાર્યો કરવામાં આવ્યાં હતાં.

---

## વેરાવળમાં ઉજવાયેલ જયંતી.

જૈનાચાર્ય શ્રી વિજયાનંદસુરી (શ્રી આત્મારામજી) ની જયંતિ શ્રી વેરાવળના શ્રી સંઘ તરફથી ઊજવવા માટે સં. ૧૯૭૨ ના જેઠ સુદી ૮ શુક્રવાર તા. ૯–૬–૧૯૧૬ ના રોજ શ્રી જૈન જ્ઞાનવર્ધકશાળાના હોલમાં બપોરના એક વાગે મુનીમહારાજ શ્રી વિદ્યાવિજયજીના પ્રમુખપણા નીચે મેલાવડો કરવામાં આવ્યો હતો. જૈન તથા જૈનેત્તર ગૃહસ્થોનીસંખ્યા તેમજ શ્રાવિકાઓ તથા વિદ્યાર્થીઓ વીગેરેથી હોલ ચીકાર ભરાયો હતો. શ્રી આચાર્ય મહારાજશ્રીની છબી (મુર્ત્તિ) ઓઇલપેઇન્ટ શા. કલ્યાણજી ખુશાલ તરફથી કરવામાં આવેલ તે જ્ઞાનશાળામાં ખુલ્લી મુકવાની શુભ ક્રિયા મુની મહારાજ શ્રી વિદ્યાવિજયજી તથા વિચારવિજયજીના હાથથી કરવામાં આવી હતી. ખુલ્લી મુકયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાદ તેમની પૂજા વાસક્ષેપથી કરવામાં આવી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ મધુર સ્વરથી શ્રી મંગળાચરણ કર્યું, ત્યારબાદ મુનીમહારાજશ્રી વિદ્યાવિજયજીએ આચાર્યશ્રીનું ટુંકમાં પણ સ્પષ્ટ અને સરલતાથી ચરિત્ર કહી બતાવ્યું હતું. માસ્તર કાળીદાસે આચાર્યશ્રીના ગુણોનું એક ગાયન ગાઇ આજના ભવ્ય મેળાવડાની ખુશાલી બતાવતાં આવેલા સજ્જનોનો આભાર માનવામાં આવ્યો. જ્ઞાનશાળાના વિદ્યાર્થીઓને શા. કલ્યાણજી ખુશાલની માતાજી સુંદરબાઇના તરફથી ઈનામ આપવામાં આવ્યું ત્યારબાદ આચાર્યશ્રીની જય બોલાવી સભા વિસર્જન કરવામાં આવી.

તથા શ્રી દેરાસરજીમાં મરહૂમ મહાત્માશ્રીની કરેલી અષ્ટપ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી.

---

## શહેર ધોરાજીમાં ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદ સુરીશ્વરજી (આત્મારામજી) મહારાજની ઉજવવામાં આવેલી જયંતી.

આજરોજ ધોરાજીમાં સવારના ઉપાશ્રયના ચોકમાં શ્રીમદ્ જૈનાચાર્ય વિજયાનંદ સુરીની જયંતી ઉજવવાનો ભવ્ય મેળાવડો વકતા પૂજ્ય મુની મહારાજ શ્રી વિનયવિજયજી મહારાજશ્રીના અધ્યક્ષપણા નીચે ભરવામાં આવ્યો હતો. મેલાવડામાં જૈનો તેમજ જૈનેતર ભાઈઓ તથા બાઈઓએ મોટી સંખ્યામાં હાજરી આપીહતી તેમજ તમામ અધીકારી વર્ગ તથા વકીલમંડલે તથા સ્થાનકવાસી ભાઈઓએ હાજરી આપી શોભામાં વૃદ્ધિ કરી હતી. શરૂઆતમાં જૈન જ્ઞાનશાળાના વિદ્યાર્થીઓએ પ્રભુસ્તુતી કરી હતી. બાદ ખાખરા દુલભજી માધવજીએ તથા શા. પાનાચંદ કરમચંદે મેલાવડાનો ઉદ્દેશ અને જયંતિ એટલે શું અને શા વાસ્તે ઊજવવામાં આવે છે તે વીસ્તારથી જણાવેલ હતું. બાદ જામનગરના રહીશ મી૦ મોતીચંદ પાનાચંદ મહેતાએ સ્વર્ગવાસી ઉકત મહાત્માનું ટુંક જીવન ચરિત્રનો નીબંધ વાંચી સંભલાવી તે ઉપર વીસ્તારથી વીવેચન કર્યું હતું. ત્યારબાદ ખાખરા દુલભજી માધવજી તથા મી૦ પોપટલાલ ઊમેદચંદે તે સંબંધમાં ભાષણો કર્યા હતાં. બાદ વક્તા મુનિ માહારાજ શ્રી વિનયવિજયજીએ મધુર વાણીએ પોતે પોતાનું ભાષણ શરૂ કરી શ્રોતાજનો ઉપર ઘણી ઊંડી અસર કરી હતી. માહારાજશ્રીના બોધ ઉપરથી જ્ઞાનખાતામાં આશરે રૂપીઆ ૫૦) પચાશ થયા હતા. બાદ બપોરને વખતે શ્રીદેરાસરજીમાં સતરભેદી પૂજા ભણાવવામાં આવી હતી અને તે વખતે મુની મહારાજશ્રીએ હાજરી આપી હતી. બાદ રાતના શ્રીદેરાસરજીમાં ભાવના ભાવવામાં આવી હતી.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મુનિરાજશ્રી આત્મારામજી મહારાજની ચાણસા ગામમા ઉજવાયેલ જયંતી.

અત્રેથી શ્રી આત્મારામજી મહારાજના સમુદાયના મુનિશ્રી માણેકવિજયજી તથા મુનિશ્રી માનવિજયજી મુનિશ્રી નરેંદ્રવિજયજી તથા મુનિશ્રી સંતોષવિજયજીએ ચાર ઠાણા હાલ છે.

જેઠ સુદ ૮ નારોજ ઉપાશ્રયમાં શ્રીસંઘની એકત્ર સભા થઇ હતી. શ્રી આત્મારામજી મહારાજશ્રીનું જીવનચરિત્ર શ્રી માણેકવિજયજી મહારાજે સુણાવ્યું હતું. પછી મુનિશ્રી માનવિજયજીએ પણ કિંચિત્ સ્વરૂપ સુણાવ્યું હતું, પછી ગુંહલી બોલ્યા પછી અત્રેની પાઠશાલાના માસ્તર ત્રીભોવનદાસ દલીચંદે હીરાલાલ હંસરાજજીએ વર્ણવેલું આત્મારામજીનું જીવન ચરિત્ર સંઘમાં વાંચી સંભળાવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થી--વર્ગ શ્રી આત્મારામજી મહારાજની સ્તુતિ બોલ્યા હતા. પછી સંઘ તરફથી આત્મારામજી મહારાજના આત્માની શાંતિ ઇચ્છી હતી. મહારાજજીએ છેલ્લું મંગલાચરણ કરી સભા વિસર્જન થઇ હતી. તે દીવસ પ્રભાવના તથા પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી.

---

## અમદાવાદમાં ઉજવાયેલ જયંતી.

ન્યાયાંભોનિધિ તપગચ્છાચાર્ય શ્રીમદ્ વીજયાનંદસૂરીશ્વર શ્રી આત્મારામજી મહારાજની સંવત ૧૯૭૨ ના જેઠ શુદ ૮ ની સ્વર્ગતિથી હોવાથી અમદાવાદમાં શેઠ હઠીભાઈ કેસરીસીંગની દીલ્લી દરવાજા બાહેરની વાડીમાં અત્રે પધારેલ મુનિશ્રી લબ્ધીવીજયજી મહારાજના ઊપદેશથી માધુપરા વીગેરે સદ્ગૃહસ્થોએ શ્રીમદ્વલ્લભવીજયજી મહારાજકૃત નવાણું પ્રકારની પૂજા રાગ રાગણી સાથે ગાઈ હતી અને તેજ દીવસે ઘણાજ ઠાઠથી ભારે આંગી રચાવવામાં આવી હતી.

---

## ન્યાયાંભોનિધિ તપગચ્છાચાર્ય શ્રી વિજયાનંદસૂરિશ્વરજી ( આત્મારામજી મહારાજની ) જામનગર શહેરમાં ઉજવવામાં આવેલી જયંતી–

જેઠ શુદિ અષ્ટમીને દિવસે જામનગર શહેરમાં પાઠશાળાના ભવ્ય અને વિશાળ મકાનમાં સવારના વખતે મહારાજજીની જયંતી ઉજવવાને માટે ભવ્ય મેળાવડો કરવામાં આવ્યો હતો. રસ્તાઓ તથા પાઠશાળાનું મકાન વાવટા તથા ધ્વજા પતાકાથી શણગારવામાં આવ્યું હતું. પાઠશાળાનું ભવ્ય મકાન શ્રોતાજનોથી તથા રાજપુરૂષોથી ચીકાર ભરાઈ ગયું હતું. રાજના ગવૈયાઓએ મધુર સ્વરથી ગુરૂસ્તુતિરૂપ પદ ગાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંભળાવ્યું હતું, ત્યારબાદ વકીલ સાકલચંદ નારણજીએ આમંત્રણપત્રીકા વાંચી સંભળાવી હતી, અને મહારાજશ્રીના જીવનચરિત્રમાંથી કાંઈક અંશનું દીગ્દર્શન કરાવ્યું હતું, અને અમેરિકાના ચિકાગો શહેરમાં જ્યારે સર્વે ધર્મોના આચાર્યોની એક સભા બોલાવવામાં આવી હતી, ત્યારે મહારાજ શ્રી આત્મારામજી મહારાજને પણ ત્યાં પધારવામાટે આમંત્રણ કરવામાં આવ્યું હતું, પરંતુ આપણા ધર્મના બંધારણ પ્રમાણે ત્યાં સાધુઓથી જઈ ન શકાય તેમ હોવાથી મર્હુમ વીરચંદ રાઘવજી ગાંધીને છ માસસુધી પોતાની પાસે અભ્યાસ કરાવી, જૈન તત્વોનું સારી રીતે દિગ્દર્શન કરાવી તેઓને અમેરિકાના ચિકાગો શહેરમાં મોકલ્યા હતા, અને ત્યાં જઈ મી. ગાંધીએ ત્યાંના લોકોને જૈન ધર્મથી સારી રીતે પરિચય કરાયેલા છે, તે મહાન કાર્યના કર્તા પણ મહારાજજી છે, વિગેરે અનેક કાર્યોથી મહારાજજીના ગુણાનુવાદ કર્યાબાદ મહારાજજીનું જીવન ચરિત્ર આપણને આજના મુખ્ય વિવેચનકાર મુનિ મહારાજ શ્રી લલિતવિજયજી મહારાજ સંભળાવશે, તે સર્વે બંધુઓ શાંતિથી સાંભળશો, એવી વિનંતિ કરૂં છું.

બાદ મુનિ મહારાજ શ્રી લલિતવિજયજી મહારાજે મંગળાચરણ તથા ગુરૂ સ્તુતિ કર્યા બાદ જરીના કપડાથી શણગારવામાં આવેલી વ્યાખ્યાનની પાટ ઉપર મધ્યમાં ઉંચે આસને મહારાજ શ્રી આત્મારામજી મહારાજનો ફોટો (મૂર્ત્તિ) પધરાવવામાં આવ્યો હતો, તે દર્શાવી મહારાજજીની આલ્હાદકારી મૂર્તીદ્વારા સ્વર્ગવાસી આત્મારામજી મહારાજજીની ઓળખાણ સર્વે શ્રોતાજનોને કરાવી પોતાનું વિવેચન શરૂ કર્યું હતું, શરૂઆતમાં જણાવ્યું જે આવા મહાત્માઓની જયંતી કાંઈ આજકાલ ઉજવવામાં આવે છે એમ નથી, પરંતુ શાસ્ત્રોના દષ્ટાંતથી જણાવ્યું જે પ્રાચીન કાળથી મહાત્માઓની જયંતી ઉજવાય છે તે સિદ્ધ કરી બતાવ્યું હતું. ત્યારબાદ મહારાજજીનું જીવનચરિત્ર કહેતાં જણાવ્યું જે મહારાજજીના જીવનનું વ્યાખ્યાન કરવા માટે વરસોના વરસો હોય તો પણ થઈ શકે તેમ નથી તો હું માત્ર કલાક બે કલાકના ટાઈમમાં તો તેઓશ્રીનું જીવનચરિત્ર શી રીતે કહી શકું ? તો પણ મહારા પરમ ઉપકારી ગુરૂમહારાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કે જેઓની બે છબી આત્મારામજી મહારાજજીની છબીની બન્ને બાજુએ રાખવામાં આવી હતી તેમાંથી એક છબી હાથમાં લઈ તેઓશ્રીની એટલે કે મહારાજ શ્રી વલ્લભવિજયજીની ઓળખાણ શ્રોતાજનોને કરાવીને કહ્યું જે તેઓએ શ્રી આત્મારામજી મહારાજની હયાતી સુધી સાથે રહી જે મહારાજજીના જીવન સંબંધી અનુભવ લીધેલો છે તેઓની પાસેથી તેના આ સેવકે જેવી રીતે મહારાજજીનું ચરિત્ર સાંભળેલું છે તેવી રીતે હું આજના શ્રોતાજનો સમક્ષ સંક્ષેપમાં વિવેચન કરીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારબાદ મહારાજશ્રીનું રસીક અને આશ્ચર્યકારી અને શ્રોતાજનોના મનને આલ્હાદકારી જીવન ચરિત્ર સંક્ષેપમાં સંભળાવ્યું હતું. તેમાં મહારાજજીની અલૌકિક ધૈર્યતા તથા તત્વનિર્ણય પ્રાસાદ જેવા અનેક ઉત્તમ ગ્રંથ બનાવીને અપૂર્વ જ્ઞાનશક્તિ તથા અન્યદર્શનોવાળા સામે ધર્મચર્ચામાં અજીતવાદી સમાન તથા પંજાબથી ઘણી વખત ગુજરાતમાં પધારી જૈન તથા જૈનેતરો ઉપર મહાન ઉપકાર કર્યા છે વિગેરે અનેક ગુણોનું દીગ્દર્શન કરાવ્યું હતું.

છેવટમાં શ્રીમદ્જીનું જીવનચરિત્ર સંક્ષેપમાં પૂર્ણ કર્યા બાદ મહારાષ્ટ્રીય તિલક સમાન શાસ્ત્રીજી હાથીભાઇએ શ્રીમદ્ના વિષે ઘણુંજ અસરકારક અને આનંદકારી વિવેચન કર્યું હતું, તથા જયંતી એટલે શું તેનો સ્ફુટ રીતે અર્થ કરી શ્રોતાજનોને જયંતી ઉજવવાથી થતા ફાયદા જણાવ્યા હતા. ત્યારબાદ જામનગરના હેડમાસ્તર બનીઆમાસ્તરે સમય અનુસાર વિવેચન કર્યું હતું, ત્યારબાદ મુનિરાજ તિલકવિજયજીએ શ્રીમદ્જીનું જીવનચરિત્ર પદ્યમાં રચેલું મધુર સ્વરથી ગાઈ સંભળાવીને શ્રોતાઓને આનંદ પમાડયો હતો. ત્યારબાદ મુનિરાજ પ્રતાપવિજયજીએ શ્રીમદ્ના પૂન્યનો પ્રભાવ કેવો હતો તે વિષે બનેલ દૃષ્ટાંત આપી લોકોને શ્રીમદ્ના પૂન્યના પ્રભાવનો મહીમા બતાવ્યો હતો. મુનિરાજશ્રી જયવિજયજી મહારાજના પ્રમુખપણા નીચે આ મેળાવડો કરવામાં આવ્યો હતો. બાદ આજના શ્રીમદ્ની જયંતીની યાદગીરીમાં કન્યાઓને ઈનામ તથા કેટલીક જાહેર સખાવતો થઇ હતી. ત્યારબાદ મુનિરાજશ્રી લલિતવિજયજીએ ઉપસંહાર કરી શાંતિનાથ ભગવાનની જય બોલાવી સભા વિસર્જન થઈ હતી. બાદ બપોરના ચોરીવાળા દેરાસરમાં આત્મારામજીકૃત અષ્ટપ્રકારી પૂજા ઠાઠમાઠથી ભણાવવામાં આવી હતી અને તેજ દેરાસરમાં આવેલી આત્મારામજી મહારાજજીની મૂર્ત્તિ પાસે મુનિરાજશ્રી વલ્લભવિજયજીકૃત ગુરૂસ્તુતિ રૂપ મોટા મહારાજની પૂજા ભણાવવામાં આવી હતી. શ્રી ધર્મનાથજી મહારાજના દેરાસરમાં પણ પૂજા ભણાવવામાં આવી હતી.

## પંજાબમાં ઉજવાયેલ જયંતી.

ઉપરના શહેરો સિવાય પંજાબના મુખ્ય મુખ્ય શહેર ગુજરાનવાલા, અંબાલા, લુધીયાના, હોશીયારપુર, જીરા, પટ્ટી, માલેર કોટલા, સનખતરા નારોવાલ, સમાના, જંબૂ, લાહોર; અને કસુર વગેરે સ્થળોએ રાબેતા મુજબ જયંતી ઉજવવામાં આવી હતી. જેમાં ગુજરાનવાળા તથા અંબાલા શહેરમાં તો રથયાત્રાનો વરઘોડો કાઢી તથા જાહેર ભાષણો આપી વિશેષપણે ગુરૂભક્તિ દર્શાવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીમદ્ વિજયાનંદસૂરિજી ( આત્મારામજી મહારાજ )

## તેમના જીવનચરિત્ર ઉપરથી ઉદ્ભવતા વિચારો.

જીવનની પ્રત્યેક ભાવના ખરેખર અપૂર્વ છે. કાંઇને કાંઇ નવીનતાની ઉત્પાદક છે; છતાં શા માટે અમુક જીવન જગત્‌માં વંદ્ય અને સ્પૃહણીય ગણાય છે? જગત્‌ની શિષ્ટ અને પ્રતિષ્ઠિત બુદ્ધિ જેમ શુદ્ધ વિચારની તુલના કરી પ્રવર્તે છે, તેમ આ પ્રશ્નના મૂળભૂત કારણની સુક્ષ્મ પર્યાલોચના કરતાં જણાશે કે એ જીવનની સાથે એ જીવનવાહકનો આત્મા કર્તવ્યાકર્તવ્યનો નિર્ણય કરી જગત્‌માં સંયોગાનુસાર મળતા સર્વ પ્રસંગો ઉપર સ્વામિત્વ મેળવવાનું બળ મેળવી વિવેક દૃષ્ટિથી નિર્ણય કરેલા વિશિષ્ટ કર્તવ્યોમાં પોતાને હમેશાં ઓતપ્રોત કરી દે છે અને એ કર્તવ્યોને જીવનના સર્વસ્વ તરીકે સ્વીકારી લે છે. જીવન અને કર્તવ્યની દીવાલોને જોડી દેનાર મહાત્માનો પ્રાદુર્ભાવ જગત્‌માં તે કાળ અને તે પછીના કાળમાં ઉત્પન્ન થનાર પ્રાણીવર્ગના પુણ્યપ્રકૃતિના બળે થાય છે. તેવા મહાત્માઓ પૈકીના એક 'શ્રીમદ્ વિજયાનંદસૂરિ' હતા. એમના સ્થૂલદેહનો જન્મ વિ. સં. ૧૮૮૩ પંજાબમાં ચૈત્ર શુદ ૧ મે 'રૂપાદેવી' માતાની કુક્ષિએ ક્ષત્રિય કુટુંબમાં થયો હતો. અને 'આત્મારામ' તરીકે નામ નિર્ણય કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બાહ્યજીવનમાં 'આત્મારામ' તરીકે અને પછીથી આંતરજીવનમાં 'વિજયાનંદસૂરિજી' તરીકે–એમના સંબંધમાં વિચારવાનું એ ઉપસ્થિત થાય છે કે ક્ષત્રિય–વીર્યશાલી કુટુંબમાં જન્મ પામવો એ પૂર્વોપાર્જિત પુણ્યપ્રકૃતિનું લક્ષણ છે. જે મનુષ્ય જન્મથી ક્ષત્રિય હોય છે તેમનો સિદ્ધાંત 'સેવા ધર્મ'નો હોય છે. નિર્બલ પ્રાણીઓનું રક્ષણ કરવું એ તેમનું જીવનકર્તવ્ય હોય છે અને તેથીજ અન્ય પરિભાષામાં તે રક્ષકવર્ગ ગણાય છે. ક્ષત્રિય તરીકે જન્મેલા પ્રાણીને વારસામાં–પરાક્રમ–વીર્ય સ્વાભાવિકપણે મનુષ્ય તરીકેના બંધારણમાં–મળેલું હોય છે. જેથી જો તે બળની–સત્તાની ઉત્ક્રાંતિ રાજ્ય લોભમાં થાય તો તે અનેક પ્રજા ઉપર સ્વામિત્વ ધારણ કરનાર 'રાજા' બને છે અને જો તે સત્તા સમાજકર્તવ્ય, અને આધ્યાત્મિક વિચારોને જન્મ આપે તો તે તે સમાજના 'ધર્માચાર્ય' બને છે. ક્ષત્રિયને ઉચિત વીર્ય જન્મથીજ પામવાના આવાજ કાંઈક ગર્ભિત હેતુને અનુસરીને તીર્થંકર જેવા મહાત્માનો જન્મ પણ ક્ષત્રિયવંશ શિવાય અન્યત્ર કદાપિ થતો નથી. સુભાગ્યે સૂરિજીનો જન્મ પણ તેવાજ વીર્યસંપન્ન કુટુંબમાં થયો અને એ સંસ્કારોનું પોષણ થતાં ઉચ્ચ આદર્શને સમાજ સમક્ષ પ્રબલ પુરૂષાર્થથી અનેક દૃષ્ટિબિંદુઓ દ્વારા રજુ કર્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સં. ૧૯૩૨ માં મુનિરાજ શ્રી મણિવિજયજી જેમને તે વખતના પ્રાણીઓ ‘ દાદા ’ ના ઉપનામથી ઓળખતા હતા. તેમની પાસે સંવેગી દીક્ષા અંગીકાર કરી. આ પહેલાં એમણે સ્થાનકવાસી જૈન દીક્ષા અંગીકાર કરી હતી, પરંતુ એમના તત્ત્વો એમને ન્યાયથી દૂર અને અસમંજસ લાગવાથી પુનઃ તપગચ્છમાં દીક્ષા ગ્રહણ કરી. એ વખતે એમના યોગ જીવનની શરૂઆત થઇ. પ્રથમનો જન્મ એમના સ્થૂળદેહના પ્રાદુર્ભાવ રૂપ હતો, જ્યારે આ બીજો જન્મ એમના આધ્યાત્મિક જીવનમાં દીપક પ્રકટાવવા માટે હતો.

આ ઉપરથી મનુષ્ય તરીકેના બંધારણમાં ‘ સંસ્કાર ’ પરત્વે વિચાર કરવાનું બળ આપણને પ્રાપ્ત થાય છે. મનુષ્યમાત્રમાં ‘ સંસ્કાર ’ ચોક્કસ પ્રકારની જીવનમાં વિલક્ષણતા લાવે છે. સંસ્કાર ગમે તેવા કષ્ટતપને પણ સફળ કરાવે છે. કુસંગના વાતાવરણમાં ઘેરાઇ ગયેલા કોઇપણ મનુષ્યના જો પૂર્વપરિચિત સંસ્કારો શુદ્ધ હશે તો તે તેમાંથી અપૂર્વ પુરૂષાર્થથી માર્ગ કરી શકે છે. તેથી ઉલટું અશુદ્ધ સંસ્કારોથી પરિવૃત મનુષ્ય ગમે તેવા સત્સંગમાં રહેવા છતાં પણ ઊષર ક્ષેત્રની જેમ પાત્રતા પામી શકતો નથી. વસ્તુસ્થિતિ આમ હોઇ સંસ્કારો સારા એકઠા કરવા માટે મન વાણી અને શરીરના વર્તનો ઉપર બારીક તપાસ રાખતાં શીખવાની પ્રબળ આવશ્યક્તા છે. જેમ બને તેમ જીવન સમીપ ઉત્તમ આદર્શો પ્રાપ્ત થાય એ માટે પ્રયાસની અધિક અગત્ય છે; અને મનુષ્યજીવન પ્રાપ્ત કરી–બુદ્ધિરૂપ સાધનનો સદુપયોગ આ જન્મમાં શુદ્ધ સંસ્કારો એકઠા કરી અન્ય જન્મોની તૈયારી કરવા પ્રયત્ન શીળ થવું, એજ શાસ્ત્રોનો પણ વારંવાર સદુપદેશ છે. ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમથી ભાગવતી દીક્ષાનો ઉદયકાળ પ્રકટ થાય છે, અને એ કર્મોનો ક્ષયોપશમ એ પૂર્વપરિચિત સંસ્કાર બળનું પરિણામ છે. સૂરિજીને આ પ્રબળ સ્થિતિવાળા કર્મે માર્ગ આપ્યો અને એમના જીવનક્રમમાં વિલક્ષણ ફેરફાર થયો.

દીક્ષા પછી ચરણકરણાનુયોગની સાધના તરફ મહાત્માઓનું લક્ષ્યબિંદુ હોય છે. એક પ્રસંગ સૂરિજીને માટે એવો બન્યો કહેવાય છે કે પંજાબ–લુધીઆનામાં એમને જવરની સખ્ત બિમારી થઇ અને એકદમ વ્યાધિએ આત્મા ઉપર જબરજસ્ત સત્તા જમાવી. એમની શુદ્ધિ હતીજ નહિં. લાલા કુંવરસેન વિગેરે એમના ઉપચાર માટે અણછૂટકે અંબાલામાં લઇ ગયા. વેદનીય કર્મનું બળ મંદ થવા પછી શુદ્ધિ આવી અને આત્માએ પોતાની સ્થિતિ ઓળખી લીધી; પરંતુ મુનિવ્યવહારને ઉચિત પાદચારીપણાની જે પ્રતિજ્ઞા પ્રત્યેક મહાત્માને એ વ્રતનો નિર્વાહ કરવાને નિર્મિત હોય છે તેમાં ખલેલ પડેલી જોઇને અમદાવાદમાં તે સમયે વિરાજેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પૂજ્ય તરીકે માનેલા 'મૂળચંદજી' મહારાજ પાસે અજાણ્યે થયેલી ભૂલનું પણ પ્રાયશ્ચિત્ત ખુલ્લી રીતે પૂછાવ્યું અને એમના લખવા મુજબ સ્વીકારી લીધું. આ રીતે ચરણકરણાનુયોગ દ્વારા બાહ્યતપ અને આંતરતપ ઉભયની સાધના કરતાં જીવન વ્યતીત કરતા હતા.

'લઘુતાસેં પ્રભુતા મિલે પ્રભુતાસેં પ્રભુદૂર' એ ન્યાયે જેમ જેમ આત્મારામજી મહારાજ પોતાનું કર્તવ્ય સમાજ સમક્ષ વિશાળ કરતા ગયા, તેમ તેમ ગુણોની કદર કરનાર મનુષ્યોની વૃત્તિઓ એકઠી થતી ગઈ. એમની પ્રતિભા તથા ઉપદેશમાળાકારે નિવેદન કરેલા આચાર્યને ઉચિત ગુણો એમનામાં જોઇને સં. ૧૯૪૩ માં કાર્તિક વદી ૫ મે. એમને 'સૂરિ'પદ આપ્યું અને ત્યારથી 'વિજયાનંદસૂરિ' કહેવાણા. તેઓ ગંભીર છતાં નીડર, ધૈર્યવાન્ છતાં સમયસૂચક અને શાંત છતાં સ્પષ્ટ વકતા હતા. આ તેમના ગુણોને તેમની સમાગમમાં આવેલા મુનિમંડળનાં હૃદયો હજી પણ યાદ કરે છે.

એમની ગ્રંથસમૃદ્ધિ એમના પુરૂષાર્થ પરાયણ જીવનનો આદર્શ છે, જૈનતત્વાદર્શ, અજ્ઞાનતિમિરભાસ્કર, તત્ત્વનિર્ણય પ્રાસાદ, સમ્યકત્વ સલ્યોદ્ધાર, જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર, જૈનમત વૃક્ષ, ચતુર્થસ્તુતિ નિર્ણય, નવતત્ત્વ વિગેરે એમનો અક્ષરદેહ આ ભરતભુમિ ઉપર જ્વલંત પણે પ્રકાશે છે; અને જમાનાના સંક્રાંતિકાળમાં ભૂલા પડેલા અનેક આત્માઓને સર્વજ્ઞ શાસન-રાજરાજેશ્વરના સીધા દૃષ્ટિબિંદુમાં રાજમાર્ગ ઉપર સ્થાપે છે.

સંગીતકળામાં પણ તેઓએ ચોક્કસ પ્રકારનું સ્વામિત્વ મેળવ્યું હતું, અને એમ કહેવાય છે કે તે સંયોગો જે વડે પ્રાપ્ત થયા હતા તે પંજાબમાં ઉપાશ્રયની સામે રહેલા નાયિકાના ગૃહમાંથી નીકળતા વિવિધ વાજિત્રોના સુરો જાણી લેવાની વૃત્તિની સમયસૂચકતા હતી. સંગીતકળાના અભ્યાસને પરિણામે તેઓએ અષ્ટપ્રકારી પૂજા, નવપદજી પૂજા, સત્તરભેદી પૂજા વિગેરેની રચના કરી છે; જે અત્યારે નવીન પદ્ધતિએ સુંદર વાદ્યો અને સરોદો સાથે હર્ષભેર ગવાય છે.

એમના પ્રસંગમાં એવું પણ કહેવાય છે કે ભાવનગરમાં જે વખતે મુર્તિમાન્ શાંતરસ રૂપ મહાત્મા શ્રીમદ્ વૃદ્ધિચંદજી વિરાજતા હતા, તે પ્રસંગે શ્રીમદ્ આત્મારામજી ત્યાં પધાર્યા. જે વખતે બંને મહાત્માઓનો મેળાપ થયો એટલે વૃદ્ધિચંદજી મહારાજ વડીલ હોવાથી આત્મારામજી મહારાજે તુરતજ સાષ્ટાંગ પ્રણામ કરવા ચરણકમળમાં મસ્તક નમાવ્યું તે વખતે એમને અધર પકડી રાખી પ્રણામ કરવા ન દીધા અને વડીલ શ્રીમદ્ વૃદ્ધિચંદજીએ એમના પ્રતિ અપૂર્વ પ્રેમનું સ્વરૂપ હર્ષાશ્રુથી વ્યક્ત કર્યું. આ રીતે 'આપણે ધર્મબંધુ છીએ' એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનાનો સમાજ સમક્ષ પ્રચાર કરાવ્યો—એ વખતનો દેખાવ કેવો અપૂર્વ હશે! જેવી આત્મારામજી મહારાજની લઘુતા તેવીજ વૃદ્ધિચંદજી મહારાજની વિવેકદષ્ટિ. ઉભયની તુલના એમના હૃદયોજ કરી શકે. મુનિપણું પ્રાપ્ત કરીને પરસ્પર આવીજ સ્થિતિઓ હોઇ શકે. પરંતુ જે પ્રસંગોમાં એ બનાવો બને છે તેવા પ્રસંગોને પણ ઇતિહાસના અમર પૃષ્ટો સંગ્રહી રાખે છે અને રાખશે.

જે સમયે અમેરિકા—ચીકાગોમાં 'ધર્મ સમાજ' મળવાની હતી, તે વખતે જૈન સૃષ્ટિમાં અદ્વિતીય સન્માનને પાત્ર સૂરિજી હતા; અને એમની ગ્રંથસમૃદ્ધિને અંગે આખા ભારતવર્ષના વિદ્વાનોના પરિચિત હતા. તેમના ઉપર તે પરિષદ્દના સંચાલકો તરફથી જૈન દર્શનના પ્રતિનિધિ તરીકે સાદર આમંત્રણ મોકલવામાં આવ્યું; અમેરિકા જવું એ મુનિવ્યવહારની પરિપાલનામાં અશક્ય હતું જેથી મી. વીરચંદ રાઘવજી ગાંધી જેઓની બુદ્ધિ ઘણીજ તેજસ્વી હતી અને જેઓ ઇંગ્રેજી કેળવણી વડે પાછળથી બેરીસ્ટર–એટ–લૉ થયેલા હતા; તેમના ઉપર તેમની દષ્ટિ પડી અને તેમને પ્રતિનિધિ તરીકે પસંદ કરી જૈન દર્શનના મૂળતત્ત્વો સમજાવી અને તે પાશ્ચાત્ય પ્રજા સન્મુખ રજુ કરવાનું અપ્રતિમ બળ આપી જૈન દર્શનની વિજય ધ્વજા અમેરિકા જેવા આર્યધર્મ રહસ્યથી અજ્ઞાન દેશમાં ફરકાવી એ એમના જીવનના અનેક પુરૂષાર્થોમાંનો એક પ્રબળ પુરૂષાર્થ હતો.

પૂર્વોક્ત પ્રકારે ખાસ કરીને ક્ષત્રિયોચિત વીર્ય વારસામાં મળેલું હોવાથી એમની સામાન્ય આજ્ઞા પણ નીડર અને સ્વતંત્ર હતી. એમણે પરદર્શન અને સ્વદર્શનની તુલના કરવામાં જીવનનો મોટો વિભાગ રોકયો હતો અને એમ પણ હતું કે એમના સમયમાં જૈન દર્શનના સિદ્ધાંતોના અનેક વિરોધીઓ બહાર આવ્યા તેમના દળને ખાળવા તેઓને કડક પણ ન્યાયપુરઃસર ભાષા વાપરી હતી—એ એમના પૂર્વપરિચિત સંસ્કારોનું પરિણામ હતું. એમના જેવા વીર્ય–પ્રતિભાશાળી મહાત્મા સર્વ રીતે ગચ્છ સંધારણામાં યોગ્યજ હતા.

આ ઉપરથી સામાજિક દષ્ટિબિંદુઓથી જોતાં એમણે જૈન સૃષ્ટિમાં નવીન જાગૃતિ આણુવાનો પ્રયત્ન હાથ ધર્યો હતો. પૂર્વ પશ્ચિમના સંઘર્ષણકાળના આ જમાનામાં આત્મતત્ત્વને દૂર મૂકી માત્ર જડવાદને પ્રાધાન્ય આપનારા સંયોગો તરફ ધ્યાન રાખી જનસમાજના હૃદય ઉપર તત્ત્વજ્ઞાનની અસર કયા પ્રયત્ન દ્વારા મજબૂત થાય તેની યોગ્યાયોગ્યતાનો નિર્ણય કરી જૈન તત્વજ્ઞાનને 'તત્વાદર્શ' માં નવીનરૂપે અવતાર કરી સમાજ સમક્ષ મૂક્યું. એમના એ પ્રયત્નો એમની પછીનો જમાનો પણ પૂજ્ય બુદ્ધિથી જુવે છે.

ચરણકરણાનુયોગને એ રીતે સાધતા, નીડરપણે જૈન દર્શનને વિશ્વદર્શનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવતારતા, મહાત્મા તરીકે જીવન વ્યતીત કરતા, અન્યદર્શનના વિદ્વાનોની પણ એકી અવાજે પ્રશંસા પામતા, શ્રીમદ્દસૂરિજી, આયુ:કર્મની સ્થિતિ પૂર્ણ થયે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. અને સમસ્ત ભારત વર્ષમાં એમના શિષ્ય પરિવારમાં અને એમના પરિચિત સર્વ જનોમાં શોક છવાઇ રહ્યો. પરંતુ એમના પુણ્ય આત્માએ વાવેલાં વૃક્ષોનાં ફળો લેવાને માટે એમની નિમિત્તે અનેક પુણ્ય સંસ્થાઓ ઉદ્દભવી અને એમના સ્મરણ ચિન્હ તરીકે પ્રત્યેક વર્ષે જયન્તીઓ હજી પણ ઉજવાય છે. એમના પરિવારમાં વિજયકમળસૂરિજી, ઉપાધ્યાયજી શ્રીમદ્ વીરવિજયજી, પ્રવર્તક શ્રી કાંતિવિજયજી, મુનિરાજ હંસવિજયજી, મુનિરાજ વલ્લભવિજયજી, અને પન્યાસજી દાનવિજયજી વિગેરે મહાત્માઓ એમના પગલે ચાલી અનેક પ્રાણીઓને ઉપકાર કરી રહ્યા છે–એ એમણે વાવેલાં શુભ બીજોનું પરિણામ છે. સંક્ષિપ્તમાં એમના તરફનો આ ગુણાનુરાગ પ્રદર્શિત કરતાં ચીકાગોમાં છપાયલા ધર્મસમાજના ભાષણમાં એમને માટે જે કાંઇ કહેવામાં આવ્યું છે, તે વાંચવાની સૂચના કરી વિરમીએ છીએ.

સંજય.

# વર્તમાન સમાચાર.

## શહેર ભાવનગરમાં શ્રી દશાશ્રીમાળી વણિક જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે ઉઘાડવામાં આવેલી બોર્ડીંગ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનો મેળાવડો સં. ૧૯૬૪ ની સાલમાં અત્રે થયો હતો, તે વખતે શેઠ રતનજી વીરજીએ કરેલી સખાવતથી દશાશ્રીમાળી સ્ત્રીઉદ્યોગશાળા પ્રથમ ખોલેલી હતી તેનો લાભ જ્ઞાતિ તરફથી લેવામાં નહિ આવતાં તે સખાવતી પોતાની રકમ અને બીજી તેમાં રકમ વધારી તેના વ્યાજમાંથી ચલાવવા તેમના સુપુત્ર શેઠ પ્રેમચંદ રતનજીએ ઉપરની બોર્ડીંગને જન્મ આપ્યો છે. જેને નામ પોતાના મર્હુમ પિતાશ્રીનું આપવામાં આવ્યું છે. શેઠ પ્રેમચંદભાઇ હસ્તક અત્રેની જૈન બોર્ડીંગ સુવ્યવસ્થાપૂર્વક ચાલતી હોવાથી આ બોર્ડીંગ બહુ સારા પાયા ઉપર આવશે, એમ અમને સંપૂર્ણ ભરૂસો છે. અમો તેઓની ઉન્નતિ ઇચ્છીએ છીયે.

# એક પ્રાચીન જૈન તીર્થ.

સર્વે જૈન ભાઇઓને ધ્યાનમાં રાખવા લાયક સૂચના કરવામાં આવે છે કે ગોધરા લાઇનમાં આવેલા ખરસાલીયા સ્ટેશનથી છ ગાઉને છેટે એક પરોલી નામનું ગામ છે. ત્યાં એક આપણું પ્રાચીન જુનું જિનમંદિર છે. અને તેમાં બાવીસમા નેમિનાથ ભગવાનની ભવ્ય મૂર્તિ વિરાજમાન છે. મૂર્તિ બહુજ સુન્દર અને અલૌકિક છે. આ મૂર્તિ પ્રથમ ધનેશ્વર નામના ગામમાં વિરાજિત હતી કે જે પરોલીથી બે ગાઉને છેટે આવેલું છે. કાળના અભાવને લીધે એ ગામ નષ્ટભ્રષ્ટ થઇ જવાથી પ્રતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રાકૃતભાષા શિખવાનું સરલ સાધન

**प्राकृतकोश—**

# पाइअलच्छीनाममाला.

**( रचना समय विक्रमसंवत्–१०२९, रचनार महाकवि धनपाल. )**

જૈનોની ધર્મભાષા પ્રાકૃત છે અને તે ભાષાના જ્ઞાન માટે ખાસ કરીને એક કોશની અગત્ય છે, એવું સૌ કોઇ સ્વીકારે છે. અત્યારસુધી આપણા દેશમાં આવો એક પણ પ્રાકૃત કોશ પ્રકટ થયો નથી. તો તે કોશની સામગ્રી પૂરી પાડવા આ અમારો પ્રયાસ છે. આ કોશ કાનને ગમે તેવા મીઠા પદ્યથી રચેલ હોયને સહેજ સ્મરણમાં રહી શકે તેમ છે તેથી પ્રાકૃતભાષાના અભ્યાસી દરેક મનુષ્યને તે કોશ એકસરખો ઉપયોગી છે. કોશમાં મૂળ, નીચે તેના અર્થો તથા પાછળ એક મોટો અક્ષરવાર શબ્દાનુક્રમ પ્રાકૃત, સંસ્કૃત અને ગૂજરાતી; એ ત્રણ ભાષામાં શબ્દાર્થ સાથે જોડવામાં આવેલ છે. શબ્દ શોધન–અને પાકૃત સાથે સંસ્કૃત અને ગુજરાતીમાં કોષ રચવાનું કાર્ય ન્યાયતીર્થ–વ્યાકરણતીર્થ પંડિતવર્ય બેચરભાઇ જીવરાજે કરેલ છે તેજ આ ગ્રંથના ગૌરવ માટે પુરતું સર્ટીફીકેટ છે. કોશ લગભગ પર્યુષણ સુધીમાં ગ્રાહકોની પાસે આવશે. માટે પર્યુષણ સુધીના ગ્રાહકો પાસેથી રૂા. ૧ા અને તે પછીના ગ્રાહકો પાસેથી રૂા. ૧ાા લેવામાં આવશે. વી. પી જુદું.

પ્રાપ્તિસ્થાન.

**B. B. & Co.**

ખારગેટ—ભાવનગર.

---

તા. ક. લડાઇના પ્રસંગથી કાગળની મોંઘવારી છતાં પણ આ કાર્યને અંગે જે મૂલ્ય રાખેલ છે તે ગ્રાહકોને માટે જરાપણ ભારે નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


જૈનોમાં અત્યંત પ્રસિદ્ધિને પામેલ

પ્રાકૃતકથા—

# समराइच्चकहा.

( रचनार—हरिभद्रसूरि. )

**अमारा व्यवसायने अंगे** અમે એમ વિચાર્યું છે કે, જૈનોનું જેટલું મળે તેટલું પ્રાકૃતસાહિત્ય પ્રકટ કરવું. વિચાર કરતાં જણાય છે કે તે સાહિત્ય જો મૂળરૂપેજ જગતની સામે લાવવામાં આવે તો પ્રાકૃતભાષાના જાણનાર વિરલ હોવાથી તે સાહિત્ય જોઇએ તેટલું ઉપયોગિ થાય કે કેમ? એ એક પ્રશ્ન છે. માટે અમોએ તો એવું નક્કી કર્યું છે કે, તે પ્રાકૃતસાહિત્ય સંસ્કૃત છાયા સાથેજ પ્રકટ કરવું. અને તેમાં મંગલરૂપ આ અમારો પ્રથમ પ્રયાસ છે. **સમરાઇચ્ચકહા** એ કેવી રસપૂર્ણ કથા છે એ વાત જૈન સમાજમાં જાણીતીજ છે. પરંતુ તે કથા પ્રાકૃતમાં હોવાથી તેના મૂળનો રસ વાચકોને ન મળે એ સ્વાભાવિક છે. જ્યારે છાયા સહિત પ્રકટ કરવાથી એક સાધારણ સંસ્કૃત જાણનારો પણ તે કથાનો રસ લઈ શકશે અને સાથે સાથે તે પ્રાકૃત ભાષાનો અભ્યાસ પણ કરી શકશે. આવાં પુસ્તકો ઘણે ઓછે પ્રયાસે પ્રાકૃતભાષા શિખવવામાં સાધનરૂપ છે. આ કથાનું પુસ્તક પત્રાકારે તૈયાર થાય છે કે જેથી વ્યાખ્યાતાઓને માટે તે એક સુંદરતમ વ્યાખ્યેય છે. પ્રથમ ભાગ પર્યુષણ સુધીમાં ગ્રાહકોને મળી જશે. તેનું મૂલ્ય રૂા. ૧ા પર્યુષણ સુધી અને ત્યારપછી રૂા. ૧ાા વી. પી. પોષ્ટેજ જુદું.

**दोधकवृत्तिः**—શ્રીમદ્ હેમચંદ્રાચાર્યકૃત પાકૃત વ્યાકરણમાં અપભ્રંશ ભાષાના ઉદાહરણો આપેલ છે તે સમજવા મુશ્કેલ પડે છે. માટે પૂર્વાચાર્યે તેના ઉપર એક વૃત્તિ કરી છે. તે છપાય છે. કિં. ૦–૬–૦

પ્રાપ્તિસ્થાન—

***B. B. & Co.***

ખારગેટ—ભાવનગર.

આનંદ પ્રેસ ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માજીને ત્યાંથી ઉપરોકત ગામમાં લઇ જવામાં આવ્યા અને ત્યાં છાણીના ગલાશા નામના શેઠે એક સુંદર મંદિર બંધાવ્યું અને તેમાં પ્રભુને પધરાવવામાં આવ્યા. આ દેરાસર જીર્ણ થઇ ગયેલું હોવાથી હાલમાં તેનો ઉદ્ધાર કરવા પ્રયાસ ચાલે છે, ગામ ન્હાનું હોવાથી યાત્રાળુઓને ઉતરવા કરવાની કોઇ પણ જાતની સગવડ ન હોવાથી ત્યાં એક ન્હાની મ્હોટી ધર્મશાળાની ખાસ આવશ્યકતા છે. ગયા કાર્તિક માસમાં વડોદરાનો સંઘ ત્યાં યાત્રા કરવા માટે ગયેલો તે વખતે કેટલાક ગૃહસ્થોના હૃદયમાં ત્યાં એક ન્હાની સરખી ધર્મશાળા બાંધવાનો વિચાર થઇ આવવાથી તેના માટે કાંઇક રકમ અને જમીન વિગેરે લેવાની ગોઠવણ થઇ છે. ધર્મશાળાની જમીન, ગામના ઠાકોર સાહેબે કૃપાવંત થઇ (૨૦૧) રૂપીઆની નજીવી કિંમતે વેચાણ આપી છે એટલુંજ નહીં પણ તે રૂપીઆ પાછા ધર્મશાળા બાંધવા ખાતે આપી દીધા છે. આ શિવાય વડોદરા નિવાસી ઝવેરી ઇશ્વર ગુલાબચંદના વડીલ બંધુ મોતિલાલ ગુલાબચંદની વિધવા બાઇ નવીબાઇએ ધર્મશાળા ખાતે ૨૦૧) રૂપીઆની ઉદાર મદદ આપવાથી જીર્ણોદ્ધારનું તથા ધર્મશાળા બાંધવાનું કામ આરંભાયું છે. તેથી દરેક જૈન ભાઇઓને સવિનય નિવેદન કરવામાં આવે છે કે, તેઓ પોતાની ઇચ્છા અને શક્તિ મુજબ આ કામમાં સ્હાયતા આપશો. યાત્રાળુઓને પણ નિવેદન કરવામાં આવે છે કે, તેઓ આ તીર્થમાં આવી અલૌકિક અને આનંદદાયક પરમાત્માની મૂર્તિના દર્શન તેમજ પૂજન કરી પુણ્ય ઉપાર્જન કરશે. પરોલી ગામથી થોડેક છેટે એક વેજલપુર નામનું ગામ છે. જ્યાં આપણા જૈન ભાઇઓની સારી વસ્તી છે. ત્યાં એક નાથજીભાઈ મોરારભાઈ કરીને સદ્‌ગૃહસ્થ છે કે જેઓ આ તીર્થની યાત્રા માટે જતા યાત્રાળુઓને દરેક પ્રકારની સગવડ કરી આપી યાત્રામાં સહાયતા આપે છે.

આશા છે કે આ સંક્ષિપ્ત સૂચના ઉપર દરેક શ્રદ્ધાળુ ભાઇઓ ધ્યાન આપશે અને એકવાર આ તીર્થના દર્શન કરી પોતાના આત્માને સફળ કરવા પ્રયત્ન કરશે. આ સાથે યથાશક્તિ અને યથાભક્તિ, દેહરાસરના જીર્ણોદ્ધાર ખાતે તથા ધર્મશાળા ખાતે પૈસાની સહાય આપી પુણ્ય ઉપાર્જન કરશે. નાણાની મદદ કરનારને દેહરાસરના કારખાનાની છાપેલી રસીદ આપવામાં આવશે. વિશેષ કોઈ બાબતનો ખુલાસો કરવો હોય તો નીચે લખેલે ઠેકાણે પત્રવ્યવહાર કરવો. લી. શ્રી સંઘનો સેવક,

**જીવણલાલ કીશોરદાસ.**

ઠે૦—માંડવીરોડ, આદીશ્વરજીની ખડકીમાં—વડોદરા.

---

**નીચેના ગ્રંથો અમોને ભેટ મળ્યા છે જે આભાર સાથે સ્વીકારીએ છીયે.**

| | | |
|---|---|---|
| ૧ | સચ્ચે સુખકી કુંજીઆ ( હીંદી ) | ચંદ્રસેન જૈન વૈદ્ય ઇટાવહ |
| ૨ | સંસાર ઓર મોક્ષ | ” |
| ૩ | જીવદયા જ્ઞાનપ્રસારક ફંડનો રીપોર્ટ પાંચમો | |
| ૪ | બાળબોધ જૈન ધર્મ ભા. ૧-૨ જો | દિગંબર જૈન ઓફીસ |
| ૫ | સમવસરણસ્તવ: | શા. કેશવલાલ દલસુખભાઇ અમદાવાદ |
| ૬ | યોનિસ્તવ: | સદર |
| ૭ | જૈન કથા સંગ્રહ ભા. ૧ લો. | શા. બાલાભાઇ છગનલાલ અમદાવાદ |
| ૮ | જીવહિંસા નિષેધ | છગનલાલ વિદ્યારામ રાવળ લુણાવાડા |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રીપોર્ટ.

અમારા માનવંતા સભાસદો અને સુજ્ઞ ગ્રાહકોને જણાવવા રજા લઇયે છીએ કે આ સભાનો ત્રીવાર્ષિક રીપોર્ટ ( સંવત ૧૯૬૯ ના કારતક શુદ ૧ થી સંવત ૧૯૭૧ ના આશો વદી ૩૦ સુધીનો ) હાલમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે, જે અષાઢ માસમાં ભેટની બુક શ્રી ચંપકમાલા ચરિત્ર વી૦ પી૦ મોકલવાની છે તેની સાથે આ રીપોર્ટ ભેટ મોકલવામાં આવશે, જેથી સ્વીકારી લેવા નમ્ર વિનંતિ છે.

## અમારા માનવંતા લાઇફ મેંબરોને ભેટ.

## અન્ય બંધુઓને સુચના.

અમારા માનવંતા લાઇફ મેમ્બરોને જણાવવા રજા લઇયે છીએ કે સભા તરફથી કેટલાક પુસ્તકો હાલમાં પ્રસિદ્ધ થયા છે, જે ધારા મુજબ ભેટ આપવાના હોવાથી તેની જાહેર ખબર હવે પછીના અંકમાં આપવામાં આવશે. બહોળી સંખ્યામાં ગ્રંથો છપાતા હોવાથી તેમજ આર્થિક બાબતમાં પણ ઉદાર દીલથી ભેટ અપાતા હોવાથી આ સભામાં દાખલ થયેલ લાઇફ મેમ્બરો ( સુજ્ઞ બંધુઓ ) ને વિદિત છે કે અત્યાર સુધીમાં ભેટ મળેલા પુસ્તકોનું એક નાનુ પુસ્તકાલય થયેલું હોવું જોઇએ. જે ગ્રંથોની સંખ્યા શુમારે ૮૫ છે.

બીજા બધા કરતાં આ સંસ્થાએ લાઇફ મેમ્બરોને ગ્રંથો ભેટ આપવાનું ધોરણ ઘણુંજ ઉદાર રાખ્યું છે જે સરખામણી કરવાથી કે રીપોર્ટ વાંચવાથી સમજી શકાય તેવું છે. વળી હાલમાં ઘણીજ બહોળી સંખ્યામાં ગ્રંથો પ્રસિદ્ધ કરવાનો પ્રયાસ થતો હોવાથી અન્ય જૈન બંધુઓને આ સભામાં જેમ બને તેમ જલદી લાઇફ મેમ્બર થઇ તે ધાર્મિક સાથે આર્થિક લાભ લેવા જેવું છે.

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશીપ ( પ્રાઇઝ )

## છેલ્લી મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં ફતેહમંદ નીવડેલા વિદ્યાર્થીઓ માટે.

મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા એક ફંડમાંથી કોન્ફરન્સ ઓફીસ તરફથી એક સ્કોલરશીપ મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પસાર થનારને તેમજ એક બીજી સ્કોલરશીપ સુરતના રહેવાશી અને કુલ્લે સૌથી વધુ માર્કસ મેળવનારને આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. એ બંને સ્કોલરશીપોનો લાભ લેવા ઇચ્છનાર જૈન શ્વેતાંબર મૂર્ત્તિપૂજક વિદ્યાર્થીઓએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શેઠ કલ્યાણચંદ સોભાગચંદ ઝવેરી પાયધુની મુંબઈ નં.૩ એ શીરનામે તા.૧૫–૭–૧૯૧૬ સુધીમાં અરજ કરવી.

For Private And Personal Use Only